# ખંભાત નગરપાલિકા,ખંભાત
# એજન્ડા નોટીસ

<u>તારીખ.૨૯–૧૦–૨૦૨૨ ને શનિવાર ના</u> રોજ બપોરે ૪–૦૦ કલાકે મ્યુની.કાઉન્સીલ હોલમાં મળનાર જનરલ બોર્ડની રાબેતા મુજબની જનરલ સામાન્ય સભામાં કરવામાં આવનાર કામોના એજન્ડા.

(૧) તારીખ.૩૦–૦૭–૨૦૨૨ ગત બોર્ડનું પ્રોસીડીંગ મંજુર કરવા બાબત.

(૨) નીચે જણાવેલ કર્મચારીઓ નિવૃત્ત / અવસાન થતા હોવાથી તેઓને મળવા પાત્ર લાભો આપવા બાબત.

| | | |
|---|---|---|
| (૧) | શ્રી બિહારીભાઈ ચીમનભાઈ હરીજન | નિવૃત્ત તારીખ.૩૦–૧૧–૨૦૨૨ |
| (૨) | શ્રી ભરતભાઈ ગંગારામ જાદવ | નિવૃત્ત તારીખ.૩૧–૧૨–૨૦૨૨ |
| (૩) | શ્રી બિજલભાઈ ઈન્દુલાલ વાઘરી | નિવૃત્ત તારીખ.૩૧–૦૧–૨૦૨૩ |

(૩) ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૪૫(ડી) હેઠળ કરેલ પ્રમુખશ્રી ઠરાવ નંબર. ૦૭ તારીખ.૨૭–૦૭–૨૦૨૨ થી પ્રમુખશ્રી ઠરાવ નંબર.૧૧ તારીખ.૨૮–૦૯–૨૦૨૨ સુધીના ઠરાવો મંજુર કરવા બાબત.

(૪) એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૬૧ તારીખ.૦૬–૦૯–૨૦૨૨ થી એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૩૧ તારીખ.૦૭–૧૦–૨૦૨૨ સુધીના ઠરાવો મંજુર કરવા બાબત.

આ ઉપરાંત ચેરમાંથી રજુ થાય તે બાબત.

ખંભાત નગરપાલિકા.

<u>તારીખ.૧૭–૧૦–૨૦૨૨</u>

પ્રમુખ,
ખંભાત નગરપાલિકા,ખંભાત

નોધઃ (૧) બોર્ડની મીટીંગમાં કરવાનાં કામોનાં કાગળો જોવા તથા વાંચવા સારૂ ઓફીસ ચાલુ હોય તે દિવસો અને રજાના દિવસો દરમ્યાન સવારના ૧૦–૦ થી ૧૨–૦ સુધી ઓફીસ ટેબલ ઉપર મુકવામાં આવેલ છે.

(૨) એજન્ડા પેપરમાં દાખલ કરેલ કામોને વ્યાખ્યા અગર સાર તરીકે ગણવાનાં નથી પરંતુ કામોના વિષયે સુચન છે.

(૩) એજન્ડાની તમામ આઈટમના ઠરાવો નગરપાલિકાની વેબસાઈટ ઉપર દરેકને જોવા મળશે અને નકલો પણ લઈ શકશો www.khambhatnagarpalika.in ઉપરથી મેળવી શકશો.

# ખંભાત નગરપાલિકા,ખંભાત
## સુધારેલ એજન્ડા નોટીસ

<u>તારીખ.૨૯–૧૦–૨૦૨૨ ને શનિવાર ના</u> રોજ બપોરે ૪–૦૦ કલાકે મ્યુની.કાઉન્સીલ હોલમાં મળનાર જનરલ બોર્ડની રાબેતા મુજબની જનરલ સામાન્ય સભામાં કરવામાં આવનાર કામોના એજન્ડા.

(૧) તારીખ.૩૦–૦૭–૨૦૨૨ ગત બોર્ડનું પ્રોસીડીંગ મંજુર કરવા બાબત.

(૨) નીચે જણાવેલ કર્મચારીઓ નિવૃત્ત / અવસાન થતા હોવાથી તેઓને મળવા પાત્ર લાભો આપવા બાબત.

| | | |
|---|---|---|
| (૧) | શ્રી બિહારીભાઈ ચીમનભાઈ હરીજન | નિવૃત્ત તારીખ.૩૦–૧૧–૨૦૨૨ |
| (૨) | શ્રી બિજલભાઈ ઈન્દુલાલ વાઘરી | નિવૃત્ત તારીખ.૩૧–૦૧–૨૦૨૩ |

(૩) ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૪૫(ડી) હેઠળ કરેલ પ્રમુખશ્રી ઠરાવ નંબર. ૦૭ તારીખ.૨૭–૦૭–૨૦૨૨ થી પ્રમુખશ્રી ઠરાવ નંબર.૧૧ તારીખ.૨૮–૦૯–૨૦૨૨ સુધીના ઠરાવો મંજુર કરવા બાબત.

(૪) એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૬૧ તારીખ.૦૬–૦૯–૨૦૨૨ થી એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૩૧ તારીખ.૦૭–૧૦–૨૦૨૨ સુધીના ઠરાવો મંજુર કરવા બાબત.

આ ઉપરાંત ચેરમાંથી રજુ થાય તે બાબત.

સહી. કે. એચ. ગાંધી

ખંભાત નગરપાલિકા. પ્રમુખ,

<u>તારીખ.૧૭–૧૦–૨૦૨૨</u> ખંભાત નગરપાલિકા,ખંભાત

નોધઃ (૧) બોર્ડની મીટીંગમાં કરવાનાં કામોનાં કાગળો જોવા તથા વાંચવા સારૂ ઓફીસ ચાલુ હોય તે દિવસો અને રજાના દિવસો દરમ્યાન સવારના ૧૦–૦ થી ૧૨–૦ સુધી ઓફીસ ટેબલ ઉપર મુકવામાં આવેલ છે.

(૨) એજન્ડા પેપરમાં દાખલ કરેલ કામોને વ્યાખ્યા અગર સાર તરીકે ગણવાનાં નથી પરંતુ કામોના વિષયે સુચન છે.

(૩) એજન્ડાની તમામ આઈટમના ઠરાવો નગરપાલિકાની વેબસાઈટ ઉપર દરેકને જોવા મળશે અને નકલો પણ લઈ શકશો www.khambhatnagarpalika.in ઉપરથી મેળવી શકશો.

# <u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>

આજ તારીખ.૨૯–૧૦–૨૦૨૨ને શનિવાર ના રોજ સાંજે ૦૪–૦૦ કલાકે ખંભાત નગરપાલિકા કચેરીના સભાખંડમાં પ્રમુખશ્રી કામીની હિરેનકુમાર ગાંધી ના અધ્યક્ષ સ્થાને જનરલ બોર્ડની સામાન્ય સભા મળી હતી પ્રારંભમાં ઉપસ્થિત સદસ્યશ્રીઓની હાજરી રજીસ્ટરમાં સહી લેતા નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર છે.

<u>હાજર સભ્યશ્રી ઓ.</u>

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | શ્રી | કામીની હિરેનકુમાર ગાંધી | પ્રમુખશ્રી | હાજર |
| (૨) | શ્રી | વિજયસિંહ ચંદુભાઈ પરમાર (રાજભા) | ઉપપ્રમુખશ્રી | હાજર |
| (૩) | શ્રી | મુમતાઝબાનુ અરશીદ શેખ (પેઈન્ટર) | સભ્યશ્રી | હાજર |
| (૪) | શ્રી | ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા | સભ્યશ્રી | હાજર |
| (૫) | શ્રી | દુધાભાઈ હિરાભાઈ રોહીત | સભ્યશ્રી | હાજર |
| (૬) | શ્રી | ચંદુભાઈ ભુરાભાઈ કડીયા | સભ્યશ્રી | હાજર |
| (૭) | શ્રી | નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી | સભ્યશ્રી | હાજર |
| (૮) | શ્રી | મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય | સભ્યશ્રી | હાજર |
| (૯) | શ્રી | અંબાબેન જગદીશભાઈ જાદવ | સભ્યશ્રી | હાજર |
| (૧૦) | શ્રી | તેજલબેન સાગરકુમાર સોલંકી | સભ્યશ્રી | હાજર |
| (૧૧) | શ્રી | ભારતીબેન રમેશભાઈ રાણા | સભ્યશ્રી | હાજર |
| (૧૨) | શ્રી | નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ | સભ્યશ્રી | હાજર |
| (૧૩) | શ્રી | નીતીનભાઈ રૂઘનાથજી બ્રહ્મભટ્ટ (ગેસવાળા) | સભ્યશ્રી | હાજર |
| (૧૪) | શ્રી | અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા | સભ્યશ્રી | હાજર |
| (૧૫) | શ્રી | હેતલબેન કરશનભાઈ ભીલ | સભ્યશ્રી | હાજર |
| (૧૬) | શ્રી | સોનલબેન નિતિનકુમાર જોષી | સભ્યશ્રી | હાજર |
| (૧૭) | શ્રી | કનૈયાલાલ મફતભાઈ રાણા (કાનજીભાઈ) | સભ્યશ્રી | હાજર |
| (૧૮) | શ્રી | નિતાબેન દિલીપભાઈ રાણા | સભ્યશ્રી | હાજર |
| (૧૯) | શ્રી | રાજેશકુમાર ગુણવંતલાલ રાણા (રાજુભાઈ ભગત) | સભ્યશ્રી | હાજર |
| (૨૦) | શ્રી | ખુશમનભાઈ શાંતીલાલ પટેલ (ચંદનવાળા) | સભ્યશ્રી | હાજર |

| | | | | |
|---|---|---|---|---|
| (૨૧) | શ્રી | રેખાબેન અલ્પેશકુમાર જાદવ | સભ્યશ્રી | હાજર |
| (૨૨) | શ્રી | શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય | સભ્યશ્રી | હાજર |
| (૨૩) | શ્રી | ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ (ભુપતભાઈ) | સભ્યશ્રી | હાજર |
| (૨૪) | શ્રી | શમીમબાનુ અબ્દુલહમીદ મલેક | સભ્યશ્રી | હાજર |
| (૨૫) | શ્રી | હંસાબેન કંચનલાલ રાણા(પઠાણ) | સભ્યશ્રી | હાજર |
| (૨૬) | શ્રી | જયાબેન રોહીતભાઈ ખારવા | સભ્યશ્રી | હાજર |
| (૨૭) | શ્રી | એઝાઝહુસેન ઈર્શાદહુસેન સૈયદ (એઝાઝબાપુ) | સભ્યશ્રી | હાજર |

નીચે મુજબના સદસ્યશ્રીઓ ગેરહાજર રહેલ છે.

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | શ્રી | સુનીતાબેન રાજુભાઈ વાઘરી | સભ્યશ્રી | ગેર હાજર |
| (૨) | શ્રી | ધ્રુવકુમાર જીતુભાઈ પટેલ (અપ્પુ) | સભ્યશ્રી | ગેર હાજર |
| (૩) | શ્રી | સાવજસિંહ અજીતસિંહ ગોહીલ | સભ્યશ્રી | ગેર હાજર |
| (૪) | શ્રી | પ્રફુલ્લભાઈ મનુભાઈ ચુનારા (પ્રકાશ) | સભ્યશ્રી | ગેર હાજર |
| (૫) | શ્રી | ઈફતેખારહુસેન મુખ્તાર હુસેન યમની (વકીલ) | સભ્યશ્રી | ગેર હાજર |
| (૬) | શ્રી | દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર | સભ્યશ્રી | ગેર હાજર |
| (૭) | શ્રી | ગીતાબેન જતીનકુમાર રાણા | સભ્યશ્રી | ગેર હાજર |
| (૮) | શ્રી | જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા (બાલ્યો) | સભ્યશ્રી | ગેર હાજર |
| (૯) | શ્રી | શાંતિબેન ભુપતભાઈ માછી (ભજનવાળી) | સભ્યશ્રી | ગેર હાજર |

હાજરી લીધા બાદ સભાનું કોરમ પુરૂ થયું હોઈ પ્રમુખશ્રી તરફથી તમામ સદસ્યશ્રીઓને આવકારીને સભાનું કામ કાજ શરૂ કર્યુ.

સભ્યશ્રી એઝાઝહુસેન ઈર્શાદહુસેન સૈયદ સાંજે ૫–૦૭ કલાકે જનરલ બોર્ડમાંથી બહાર જતા રહેલ છે.

એજન્ડા ક્રમાંક.૧ તારીખ.૨૯–૧૦–૨૦૨૨

તારીખ. ૩૦–૦૭–૨૦૨૨ ગત બોર્ડનું પ્રોસીડીંગ મંજુર કરવા બાબત.

## જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૦૧૪ તારીખ.૨૯–૧૦–૨૦૨૨

એજન્ડા ક્રમાંક : ૧ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય તરફથી અને સદસ્યશ્રી ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

આજ રોજ તારીખ.૨૯–૧૦–૨૦૨૨ ના રોજ ખંભાત નગરપાલિકાની મળેલ જનરલ બોર્ડની સામાન્ય સભા ઠરાવે છે કે તારીખ. ૩૦–૦૭–૨૦૨૨ ગત બોર્ડનું પ્રોસીડીંગ મંજુર કરવામાં આવે છે.

**સુધારો :–**

ઉપરોકત ઠરાવ ચર્ચામાં મુકાતાં વિપક્ષી સદસ્યશ્રી નિતિનભાઈ આર બ્રહ્મભટ્ટ તરફથી ઉપરોકત ઠરાવ બાબતે નીચે મુજબની સુધારા દરખાસ્ત સદસ્યશ્રી ભારતીબેન આર. રાણા ના ટેકા સાથે રજુ થઈ.

**આઈટમ ૦૧ તા.૨૯–૧૦–૨૨**

આ આઈટમ તા.૩૦–૦૭–૨૦૨૨ ના જ.બોર્ડનું પ્રોસેડીંગ મંજુર કરવાનું છે. પરંતુ અગાઉ અમોએ જણાવેલ છે કે ગુ.ન.પા. અધિનિયમ ૧૯૬૩ અને ન.પા.ના પેટા નિયમ ૧૯૭૧ અને ગુ. સરકારના નાણાંકીય નિયમો મુજબ ન.પા.નો વહીવટ થતો નથી અને તા.૩૦–૦૭–૨૨ ના રોજ અમારા તરફથી જે એજન્ડાની આઈટમ વિરોધ કરેલ છે. તે એજન્ડાની આઈટમમાં તરફેણ/વિરૂધ્ધ એ આઈટમ વાર લખવામાં આવેલ નથી. એ ક કમીટી ઠરાવ.૧, ૩, ૭, ૧૦, ૧૩, ૨૦, ૨૬, ૩૧, ૪૩, ૪૬, ૪૯, ૫૧, ૫૩, ૫૫, ૭૨, ૭૫, ૭૬, ૮૧, ૮૯, ૯૬, ૧૦૯, ૧૪૦ ઉપરોકત ઠરાવમાં મતદાન લખવામાં આવેલ નથી. જેથી પ્રોસીડીંગ નિયમોનુસાર લખવામાં આવેલ નથી જેથી વિરોધ કરવામાં આવે છે.

સુધારા દરખાસ્ત પર મતદાન લેતા

| તરફેણ | | | વિરૂધ્ધ | | |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી | મુમતાઝબાનુ અરશીદ શેખ | ૧ | શ્રી | ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા |
| ૨ | શ્રી | દુધાભાઈ હીરાભાઈ રોહીત | ૨ | શ્રી | નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી |
| ૩ | શ્રી | ચંદુભાઈ ભુરાભાઈ કડીયા | ૩ | શ્રી | મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪ | શ્રી | અંબાબેન જગદીશભાઈ જાદવ | ૪ | શ્રી | તેજલબેન સાગરકુમાર સોલંકી |
| ૫ | શ્રી | ભારતીબેન રમેશભાઈ રાણા | ૫ | શ્રી | નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ |
| ૬ | શ્રી | નીતીનભાઈ રૂઘનાથજી બ્રહ્મભટ્ટ | ૬ | શ્રી | અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા |
| ૭ | શ્રી | ખુશમનભાઈ શાંતીલાલ પટેલ | ૭ | શ્રી | હેતલબેન કરશનભાઈ ભીલ |
| ૮ | શ્રી | હંસાબેન કંચનલાલ રાણા | ૮ | શ્રી | સોનલબેન નિતિનકુમાર જોષી |
| ૯ | શ્રી | શમીમબાનુ અબ્દુલહમીદ મલેક | ૯ | શ્રી | વિજયસિંહ ચંદુભાઈ પરમાર |
| | | | ૧૦ | શ્રી | કનૈયાલાલ મફતલાલ રાણા |
| | | | ૧૧ | શ્રી | નિતાબેન દિલીપભાઈ રાણા |
| | | | ૧૨ | શ્રી | કામીની હિરેનકુમાર ગાંધી |
| | | | ૧૩ | શ્રી | રાજેશકુમાર ગુણવંતલાલ રાણા |
| | | | ૧૪ | શ્રી | રેખાબેન અલ્પેશકુમાર જાદવ |
| | | | ૧૫ | શ્રી | શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય |
| | | | ૧૬ | શ્રી | ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ |
| | | | ૧૭ | શ્રી | જયાબેન રોહીતભાઈ ખારવા |

**સુધારા દરખાસ્ત પર મતદાન લેતા તરફેણમાં (૦૯) વિરૂધ્ધમાં (૧૭) મત પડતાં સુધારા દરખાસ્ત ના મંજુર થાય છે.**

**મુળ દરખાસ્ત પર મતદાન લેતા**

| તરફેણ | | | વિરૂધ્ધ | | |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી | ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા | ૧ | શ્રી | મુમતાઝબાનુ અરશીદ શેખ |
| ૨ | શ્રી | નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી | ૨ | શ્રી | દુધાભાઈ હીરાભાઈ રોહીત |
| ૩ | શ્રી | મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય | ૩ | શ્રી | ચંદુભાઈ ભુરાભાઈ કડીયા |
| ૪ | શ્રી | તેજલબેન સાગરકુમાર સોલંકી | ૪ | શ્રી | અંબાબેન જગદીશભાઈ જાદવ |
| ૫ | શ્રી | નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ | ૫ | શ્રી | ભારતીબેન રમેશભાઈ રાણા |
| ૬ | શ્રી | અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા | ૬ | શ્રી | નીતીનભાઈ રૂઘનાથજી બ્રહ્મભટ્ટ |
| ૭ | શ્રી | હેતલબેન કરશનભાઈ ભીલ | ૭ | શ્રી | ખુશમનભાઈ શાંતીલાલ પટેલ |
| ૮ | શ્રી | સોનલબેન નિતિનકુમાર જોષી | ૮ | શ્રી | હંસાબેન કંચનલાલ રાણા |
| ૯ | શ્રી | વિજયસિંહ ચંદુભાઈ પરમાર | ૯ | શ્રી | શમીમબાનુ અબ્દુલહમીદ મલેક |
| ૧૦ | શ્રી | કનૈયાલાલ મફતલાલ રાણા | | | |
| ૧૧ | શ્રી | નિતાબેન દિલીપભાઈ રાણા | | | |
| ૧૨ | શ્રી | કામીની હિરેનકુમાર ગાંધી | | | |

| | | |
|---|---|---|
| ૧૩ | શ્રી | રાજેશકુમાર ગુણવંતલાલ રાણા |
| ૧૪ | શ્રી | રેખાબેન અલ્પેશકુમાર જાદવ |
| ૧૫ | શ્રી | શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય |
| ૧૬ | શ્રી | ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ |
| ૧૭ | શ્રી | જયાબેન રોહીતભાઈ ખારવા |

મુળ દરખાસ્ત પર મતદાન લેતા તરફેણમાં (૧૭) વિરૂધ્ધમાં (૦૯) મત પડતાં મુળ દરખાસ્ત મંજુર થાય છે.

સહી. કામીની એચ. ગાંધી
પ્રમુખ
ખંભાત નગરપાલિકા, ખંભાત

એજન્ડા ક્રમાંક.૨  તારીખ.૨૯–૧૦–૨૦૨૨

નીચે જણાવેલ કર્મચારીઓ નિવૃત્ત / અવસાન થતાં હોવાથી તેઓને મળવા પાત્ર લાભો આપવા બાબત.

| | | |
|---|---|---|
| (૧) | શ્રી બિહારીભાઈ ચીમનભાઈ હરીજન | નિવૃત્ત તારીખ.૩૦–૧૧–૨૦૨૨ |
| (૨) | શ્રી બિજલભાઈ ઈન્દુલાલ વાઘરી | નિવૃત્ત તારીખ.૩૧–૦૧–૨૦૨૩ |

## જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૦૧૫  તારીખ. ૨૯–૧૦–૨૦૨૨

એજન્ડા ક્રમાંકઃ ૨ પરત્વેનો પ્રસ્તાવ સદસ્ય શ્રી સોનલબેન નિતિનકુમાર જોષી તરફથી અને સદસ્યશ્રી કનૈયાલાલ મફતભાઈ રાણા ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

આજ રોજ તારીખ.૨૯–૧૦–૨૦૨૨ના ખંભાત નગરપાલિકાની મળેલ સામાન્ય સભા ઠરાવે છે  કે નીચે જણાવેલ કર્મચારી વય મર્યાદાના કારણે નિવૃત્ત/અવસાન થતાં હોવાથી તેઓને ખંભાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૨૭૧ તળેના મંજુર થયેલા નિયમો પ્રકરણ–૧૮ ના નિયમ ૧, ૨, અને ૪ના પેટા નિયમો મુજબ પેન્શન, ગ્રેજયુઈટી અને વળતર ભથ્થાના નિયમો મુજબના લાભો નિવૃત્તિ / અવસાન બાદના આપવા મંજુર કરવામાં આવે છે. વધુમાં પેન્શન મેળવનાર કર્મચારી પાસે પોતાનું પેઢીનામું તેમજ રજુ કરેલ તમામ પેપર્સ ખરા છે તેવું સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામું મેળવી રજુ કર્યા બાદ તમામ પેપર્સ અને ફોર્મ ભરીને એકઝીકયુટીવ કમીટી સમક્ષ રજુ કર્યા બાદ પેન્શન ચુકવણી કરવાની રહેશે.

| | | |
|---|---|---|
| (૧) | શ્રી બિહારીભાઈ ચીમનભાઈ હરીજન | નિવૃત્ત તારીખ.૩૦–૧૧–૨૦૨૨ |
| (૨) | શ્રી બિજલભાઈ ઈન્દુલાલ વાઘરી | નિવૃત્ત તારીખ.૩૧–૦૧–૨૦૨૩ |

"સર્વાનુમતે મંજુર"

સહી. કામીની એચ. ગાંધી
પ્રમુખ
ખંભાત નગરપાલિકા, ખંભાત

એજન્ડા ક્રમાંક.૩ તારીખ.૨૯–૧૦–૨૦૨૨

ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૪૫(ડી) હેઠળ કરેલ પ્રમુખશ્રી ઠરાવ નંબર. ૦૭ તારીખ.૨૭–૦૭–૨૦૨૨ થી પ્રમુખશ્રી ઠરાવ નંબર.૧૧ તારીખ. ૨૮–૦૯–૨૦૨૨ સુધીના ઠરાવો મંજુર કરવા બાબત.

<u>જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૦૧૬ તારીખ.૨૯–૧૦–૨૦૨૨</u>

એજન્ડા ક્રમાંક : ૩ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી કનૈયાલાલ મફતભાઈ રાણા તરફથી અને સદસ્યશ્રી રેખાબેન અલ્પેશકુમાર જાદવ ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

આજ રોજ તારીખ. ૨૯–૧૦–૨૦૨૨ ના રોજ ખંભાત નગરપાલિકાની મળેલ જનરલ બોર્ડની સામાન્ય સભા ઠરાવે છે કે ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૪૫(ડી) હેઠળ કરેલ પ્રમુખશ્રી ઠરાવ નંબર.૦૭ તારીખ.૨૭–૦૭–૨૦૨૨ થી પ્રમુખશ્રી ઠરાવ નંબર.૧૧ તારીખ.૨૮–૦૯–૨૦૨૨ સુધીના ઠરાવો મંજુર કરવામાં આવે છે.

<u>સુધારો :–</u>

ઉપરોકત ઠરાવો ચર્ચામાં મુકાતાં વિપક્ષી સદસ્યશ્રી નિતિનભાઈ આર.બ્રહ્મભટ્ટ તરફથી ઉપરોકત ઠરાવ બાબતે નીચે મુજબની સુધારા દરખાસ્ત સદસ્યશ્રી ભારતીબેન આર. રાણા ના ટેકા સાથે રજુ થઈ.

આદેશાત્મક હુકમ નંબર.૧૧ તા.૨૮–૦૯–૨૨

ઉપરોકત ઠરાવ કલમ–૪૫(ડી)તળેનો આદેશ વર્મી કમ્પોસ્ટ ઘન કચરાના નિકાલ અર્થે ગુ.પોલ્યુશન કટ્રોલ બોર્ડ ધ્વારા NOC મેળવે જેનો સમયગાળો પૂર્ણ થઈ જતા NOC રીન્યુ કરવાની થાય છે. વારવાર નોટીસ આપવા છતા આ અગત્યના પ્રશ્ન માટે ધ્યાન આપેલ નથી. અને NOC ની ફી રૂા.૭૫૦૦ થાય છે. તો આ પ્રશ્ને શા માટે ઉપેક્ષા કરવામાં આવી તે માટે જવાબદાર કોણ અને સમયસર NOC રીન્યુ નહી કરવા માટેના જે જવાબદાર હોય તેમની પાસે ખુલાસો માંગવામાં આવે જો સમયસર નિયત સમયમાં NOC ના નાણાં ભરેલ હોય તો ૪૫(ડી) મુજબના ઠરાવ કરવો ન પડે.

સુધારા દરખાસ્ત પર મતદાન લેતા

| તરફેણ | | | વિરૂધ્ધ | | |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી | મુમતાઝબાનુ અરશીદ શેખ | ૧ | શ્રી | ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા |
| ૨ | શ્રી | દુધાભાઈ હીરાભાઈ રોહીત | ૨ | શ્રી | નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩ | શ્રી | ચંદુભાઈ ભુરાભાઈ કડીયા | ૩ | શ્રી | મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય |
| ૪ | શ્રી | અંબાબેન જગદીશભાઈ જાદવ | ૪ | શ્રી | તેજલબેન સાગરકુમાર સોલંકી |
| ૫ | શ્રી | ભારતીબેન રમેશભાઈ રાણા | ૫ | શ્રી | નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ |
| ૬ | શ્રી | નીતીનભાઈ રૂધનાથજી બ્રહ્મભટ્ટ | ૬ | શ્રી | અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા |
| ૭ | શ્રી | ખુશમનભાઈ શાંતીલાલ પટેલ | ૭ | શ્રી | હેતલબેન કરશનભાઈ ભીલ |
| ૮ | શ્રી | હંસાબેન કંચનલાલ રાણા | ૮ | શ્રી | સોનલબેન નિતિનકુમાર જોષી |
| ૯ | શ્રી | શમીમબાનુ અબ્દુલહમીદ મલેક | ૯ | શ્રી | વિજયસિંહ ચંદુભાઈ પરમાર |
| | | | ૧૦ | શ્રી | કનૈયાલાલ મફતલાલ રાણા |
| | | | ૧૧ | શ્રી | નિતાબેન દિલીપભાઈ રાણા |
| | | | ૧૨ | શ્રી | કામીની હિરેનકુમાર ગાંધી |
| | | | ૧૩ | શ્રી | રાજેશકુમાર ગુણવંતલાલ રાણા |
| | | | ૧૪ | શ્રી | રેખાબેન અલ્પેશકુમાર જાદવ |
| | | | ૧૫ | શ્રી | શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય |
| | | | ૧૬ | શ્રી | ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ |
| | | | ૧૭ | શ્રી | જયાબેન રોહીતભાઈ ખારવા |

**સુધારા દરખાસ્ત પર મતદાન લેતા તરફેણમાં (૦૯) વિરૂધ્ધમાં (૧૭) મત પડતાં સુધારા દરખાસ્ત ના મંજુર થાય છે.**

**મુળ દરખાસ્ત પર મતદાન લેતા**

| તરફેણ | | | વિરૂધ્ધ | | |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી | ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા | ૧ | શ્રી | મુમતાઝબાનુ અરશીદ શેખ |
| ૨ | શ્રી | નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી | ૨ | શ્રી | દુધાભાઈ હીરાભાઈ રોહીત |
| ૩ | શ્રી | મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય | ૩ | શ્રી | ચંદુભાઈ ભુરાભાઈ કડીયા |
| ૪ | શ્રી | તેજલબેન સાગરકુમાર સોલંકી | ૪ | શ્રી | અંબાબેન જગદીશભાઈ જાદવ |
| ૫ | શ્રી | નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ | ૫ | શ્રી | ભારતીબેન રમેશભાઈ રાણા |
| ૬ | શ્રી | અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા | ૬ | શ્રી | નીતીનભાઈ રૂધનાથજી બ્રહ્મભટ્ટ |
| ૭ | શ્રી | હેતલબેન કરશનભાઈ ભીલ | ૭ | શ્રી | ખુશમનભાઈ શાંતીલાલ પટેલ |
| ૮ | શ્રી | સોનલબેન નિતિનકુમાર જોષી | ૮ | શ્રી | હંસાબેન કંચનલાલ રાણા |
| ૯ | શ્રી | વિજયસિંહ ચંદુભાઈ પરમાર | ૯ | શ્રી | શમીમબાનુ અબ્દુલહમીદ મલેક |
| ૧૦ | શ્રી | કનૈયાલાલ મફતલાલ રાણા | | | |
| ૧૧ | શ્રી | નિતાબેન દિલીપભાઈ રાણા | | | |
| ૧૨ | શ્રી | કામીની હિરેનકુમાર ગાંધી | | | |

| | | |
|---|---|---|
| ૧૩ | શ્રી | રાજેશકુમાર ગુણવંતલાલ રાણા |
| ૧૪ | શ્રી | રેખાબેન અલ્પેશકુમાર જાદવ |
| ૧૫ | શ્રી | શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય |
| ૧૬ | શ્રી | ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ |
| ૧૭ | શ્રી | જયાબેન રોહીતભાઈ ખારવા |

મુળ દરખાસ્ત પર મતદાન લેતા તરફેણમાં (૧૭) વિરૂધ્ધમાં (૦૯) મત પડતાં મુળ દરખાસ્ત મંજુર થાય છે.

સહી. કામીની એચ. ગાંધી

પ્રમુખ

ખંભાત નગરપાલિકા, ખંભાત

સભ્યશ્રી મુમતાઝબાનુ અ રસીદ શેખ અને તેજલબેન સાગરકુમાર બારૈયા સાંજે ૬–૧૫ કલાકે જનરલ બોર્ડમાંથી બહાર જતા રહેલ છે.

એજન્ડા ક્રમાંક. ૪ તારીખ.૨૯–૧૦–૨૦૨૨

એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૬૧ તારીખ.૦૬–૦૯–૨૦૨૨ થી એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૩૧ તારીખ.૦૭–૧૦–૨૦૨૨ સુધીના ઠરાવો મંજુર કરવા બાબત.

**જનરલ બોર્ડ ઠરાવ ક્રમાંક :–૦૧૭ તારીખ.૨૯–૧૦–૨૦૨૨**

એજન્ડા ક્રમાંક : ૪ પરત્વેનો પ્રસ્તાવ સદસ્ય શ્રી મનીષકુમાર બેચરલાલ ઉપાધ્યાય તરફથી અને સદસ્ય શ્રી કનૈયાલાલ મફતલાલ રાણા ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

આજ રોજ તારીખ.૨૯–૧૦–૨૦૨૨ ના રોજ ખંભાત નગરપાલિકાની મળેલ જનરલ બોર્ડની સામાન્ય સભા ઠરાવે છે કે એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૬૧ તારીખ.૦૬–૦૯–૨૦૨૨ થી એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૮૫ તારીખ. ૦૬–૦૯–૨૦૨૨ સુધી તથા એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૮૭ તારીખ.૦૭–૦૯–૨૦૨૨ થી એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૩૧ તારીખ.૦૭–૧૦–૨૦૨૨ સુધીનાના ઠરાવો મંજુર કરવામાં આવે છે અને એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૮૬ તારીખ.૦૬–૦૯–૨૦૨૨ નો ઠરાવ મુલત્વી રાખવા ઠરાવવામાં આવે છે.

**સુધારો :–**

ઉપરોકત ઠરાવ ચર્ચામાં મુકાતાં વિપક્ષી સદસ્યશ્રી નિતિનભાઈ આર.બ્રહ્મભટ્ટ તરફથી ઉપરોકત ઠરાવ બાબતે નીચે મુજબના સુધારા દરખાસ્ત સદસ્યશ્રી ભારતીબેન આર. રાણા ના ટેકા સાથે રજુ થઈ.

**એકઝી.કમીટી ઠરાવ નં.૧૬૧ તા.૬–૯–૨૨**

આ ઠરાવ સ્વચ્છ ભારત મિશન અર્બન ગુજરાત અને ઘન કચરાના નિકાલ નિયમો ૨૧૬ના અમલીકરણ માટે ખંભાત નગરપાલીકા વિસ્તારમાં ડોર ટુ ડોર કચરા કલેકશન ટ્રાન્સપોટ કામ માટે ગુ.ન.પા.ફા બોર્ડ તરફ ૧૫મા નાણાપંચમાં ટાઈડ અને અનટાઈડ ગ્રાન્ટ વાપરવા એ ક કમીટી.૨૫ તા.૪–૫–૨૨ના રોજ ઠરાવ કરેલ હતો.પ્રાદેશિક કચેરીની સુચના આવતા સુધારો કરવાનો થતો હોઈ આ કચેરી તરફથી કયું સુચન કરેલ છે. તેનો ઉલ્લેખ કરેલ નથી માટે પ્રથમ સુચન જ બોર્ડની સમક્ષ જણાવવુ અનટાઈટ ગ્રાંટ ૨૦૨૧/૨૨ ની તા.૧૭–૦૮–૨૧ ના હુકમથી રૂા.૪,૭૬,૨૦૦૦ રૂા. છે તો તેમાથી આ કામે કેટલો ખર્ચ થયેલ છે તે દર્શાવેલ નથી અને આ કામમાં કેટલો ખર્ચ થશે તેનો કોઈ એ ક કમીટી ઠરાવ ૨૫ તા.૪–૫–૨૨ માં કોઈ ઉલ્લેખ કરેલ નથી.તો વિગતવાર કામનો ખર્ચ દર્શાવવામાં આવે પછી જ સ્વભંડોળ માંથી ખર્ચ માટે મંજુરી માટે મુકવામાં આવે.

આ આઈટમ – ૧૬૨ તા.૬–૯–૨૨

આ ઠરાવ આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત હર ઘર તિરંગા કાર્યક્રમ ની ઉજવણીમાં કરેલ ખર્ચ મે.પ્રમુખશ્રી તારીખ.૨૦–૦૭–૨૨ ના હુકમથી ખર્ચ કરવા મંજુર કરેલ છે. પરંતુ આ ખર્ચ માટે મે.પ્રમુખશ્રી ૪૫ (ડી) મુજબ ઠરાવ કરેલ નથી. અને જો તેમને હુકમ કરેલ હોય તો પ્રમુખશ્રીનો ઠરાવ એ ક કમીટીમાં લાવવાનો અર્થ રહેતો નથી આ ન.પા. અધિનિયમ ૧૯૬૩ માં જે જોગવાઈ પ્રમુખશ્રીની છે.તેની ઉપરવટ એ ક કમીટી ઠરાવ કરે છે.

કુલ ખર્ચ રૂા.૧,૬૮,૪૧૦ થયો તેમાં જલાઉ લાકડાનો ખર્ચ મહેશ સ્ટીમ્બર માર્ટ પાસે રૂા.૧૦૯૦૦૦ નો કરેલ છે. આ લાકડાનો ખર્ચ વધારે છે. અને આ સિવાય જે ધ્વજ આવેલ તેની કિંમત હજુ દર્શાવેલ નથી આર.સી.એમ.માંથી ૧૮૦૦૦ ધ્વજ આવેલ હતા. જેનું બીલ હજુ આપેલ નથી. તો કેટલો ખર્ચ મંજુર કરવો વધુમાં ન.પા.એ ધ્વજની કીંમત ખંભાતના નાગરીકો પાસેથી વસુલ લીધેલ છે. જે કેટલી રકમ જમા થયેલ છે. અને ૧૮૦૦૦ ધ્વજમાંથી કેટલા ધ્વજ વધેલ છે. તેનો પણ વિગત દર્શાવેલ નથી જયાં સુધી આર સી એમ માંથી બીલ ન આવે ત્યાં સુધી આઈટમ મુલત્વી રાખવામાં આવે કુલ ૧૨ સભ્યો કમીટીમાં છે અને સદર ઠરાવ પાંચ સભ્યોએ મંજુર કરેલ છે.

આઈટમ ૧૬૭ તા.૬–૯–૨૨

આ સ્વર્ણીમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુ.ડી.પી.૫૬ સને ૨૦૦૯/૧૩ રોડના કામ અંગેનું છે.

આ ટેન્ડરમાં મહેશ કંન્ટ્રકશન વડોદરાનું રૂા.૩૨૬૦૩૫૨ માં મંજુર થયેલ છે. પરંતુ અગાઉ પણ આ કોન્ટ્રાકટ ગુણવતાવાળું કાર્ય કરેલ નથી અને આમાં જે કન્સલટન્ટ ઈવોલ્યુશન રીપોર્ટ સી.એમ.એન્જીનર બારેમાસે રજુ થાય છે. તો આ મહેશ કંન્સલટન્ટની કામગીરી માટે આ સી.એમ.કંન્સલન્ટ કેટલા જવાબદાર રહેશે અને આ કન્સલન્ટના કોઈ પણ અધિકૃત માણસ હાજર રહેતા નથી તો સદર કોન્ટ્રાકટરની જવાબદારી કરીને તેને બ્લેક લીસ્ટમાં મુકવો.

સુધારા દરખાસ્ત પર મતદાન લેતા

| તરફેણ | | | વિરૂધ્ધ | | |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી | દુધાભાઈ હીરાભાઈ રોહીત | ૧ | શ્રી | ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા |
| ૨ | શ્રી | ચંદુભાઈ ભુરાભાઈ કડીયા | ૨ | શ્રી | નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી |
| ૩ | શ્રી | અંબાબેન જગદીશભાઈ જાદવ | ૩ | શ્રી | મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય |
| ૪ | શ્રી | ભારતીબેન રમેશભાઈ રાણા | ૪ | શ્રી | નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ |
| ૫ | શ્રી | નીતીનભાઈ રૂધનાથજી બ્રહ્મભટ્ટ | ૫ | શ્રી | અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬ | શ્રી | ખુશમનભાઈ શાંતીલાલ પટેલ | ૬ | શ્રી | હેતલબેન કરશનભાઈ ભીલ |
| ૭ | શ્રી | હંસાબેન કંચનલાલ રાણા | ૭ | શ્રી | સોનલબેન નિતિનકુમાર જોષી |
| ૮ | શ્રી | શમીમબાનુ અબ્દુલહમીદ મલેક | ૮ | શ્રી | વિજયસિંહ ચંદુભાઈ પરમાર |
| | | | ૯ | શ્રી | કનૈયાલાલ મફતલાલ રાણા |
| | | | ૧૦ | શ્રી | નિતાબેન દિલીપભાઈ રાણા |
| | | | ૧૧ | શ્રી | કામીની હિરેનકુમાર ગાંધી |
| | | | ૧૨ | શ્રી | રાજેશકુમાર ગુણવંતલાલ રાણા |
| | | | ૧૩ | શ્રી | રેખાબેન અલ્પેશકુમાર જાદવ |
| | | | ૧૪ | શ્રી | શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય |
| | | | ૧૫ | શ્રી | ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ |
| | | | ૧૬ | શ્રી | જયાબેન રોહીતભાઈ ખારવા |

**સુધારા દરખાસ્ત પર મતદાન લેતા તરફેણમાં (૦૮) વિરૂધ્ધમાં (૧૬) મત પડતાં સુધારા દરખાસ્ત ના મંજુર થાય છે.**

**મુળ દરખાસ્ત પર મતદાન લેતા**

| તરફેણ | | | વિરૂધ્ધ | | |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી | ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા | ૧ | શ્રી | દુધાભાઈ હીરાભાઈ રોહીત |
| ૨ | શ્રી | નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી | ૨ | શ્રી | ચંદુભાઈ ભુરાભાઈ કડીયા |
| ૩ | શ્રી | મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય | ૩ | શ્રી | અંબાબેન જગદીશભાઈ જાદવ |
| ૪ | શ્રી | નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ | ૪ | શ્રી | ભારતીબેન રમેશભાઈ રાણા |
| ૫ | શ્રી | અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા | ૫ | શ્રી | નીતીનભાઈ રૂધનાથજી બ્રહ્મભટ્ટ |
| ૬ | શ્રી | હેતલબેન કરશનભાઈ ભીલ | ૬ | શ્રી | ખુશમનભાઈ શાંતીલાલ પટેલ |
| ૭ | શ્રી | સોનલબેન નિતિનકુમાર જોષી | ૭ | શ્રી | હંસાબેન કંચનલાલ રાણા |
| ૮ | શ્રી | વિજયસિંહ ચંદુભાઈ પરમાર | ૮ | શ્રી | શમીમબાનુ અબ્દુલહમીદ મલેક |
| ૯ | શ્રી | કનૈયાલાલ મફતલાલ રાણા | | | |
| ૧૦ | શ્રી | નિતાબેન દિલીપભાઈ રાણા | | | |
| ૧૧ | શ્રી | કામીની હિરેનકુમાર ગાંધી | | | |
| ૧૨ | શ્રી | રાજેશકુમાર ગુણવંતલાલ રાણા | | | |
| ૧૩ | શ્રી | રેખાબેન અલ્પેશકુમાર જાદવ | | | |
| ૧૪ | શ્રી | શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય | | | |
| ૧૫ | શ્રી | ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ | | | |
| ૧૬ | શ્રી | જયાબેન રોહીતભાઈ ખારવા | | | |

મુળ દરખાસ્ત પર મતદાન લેતા તરફેણમાં (૧૬) વિરૂધ્ધમાં (૦૮) મત પડતાં મુળ દરખાસ્ત મંજુર થાય છે.

સહી. કામીની એચ. ગાંધી
પ્રમુખ
ખંભાત નગરપાલિકા, ખંભાત

સભ્યશ્રી શમીમબાનુ અબ્દુલહમીદ મલેક અને સભ્યશ્રી દુધાભાઈ હીરાભાઈ રોહીત સાંજે ૬–૫૦ કલાકે જનરલ બોર્ડમાંથી બહાર જતા રહેલ છે.

<u>સુધારો :–</u>

ઉપરોકત ઠરાવ ચર્ચામાં મુકાતાં વિપક્ષી સદસ્યશ્રી નિતિનભાઈ આર.બ્રહ્મભટ્ટ તરફથી ઉપરોકત ઠરાવ બાબતે નીચે મુજબના સુધારા દરખાસ્ત સદસ્યશ્રી ભારતીબેન આર. રાણા ના ટેકા સાથે રજુ થઈ.

<u>એકઝી.કમીટી ઠરાવ નં.૧૭૧ તા.૬–૯–૨૨</u>

આ ઠરાવ હંગામી ધોરણે દારૂખાના વેચાણ કરવા માટે એન.ઓ.સી. મેળવવા અરજી આવેલ છે. પણ જેની શરતો જોતા આ દુકાનોની જે અરજીઓ આવેલ છે. તે શહેરી ભીડ–ભાડવાળા વિસ્તારમાં છે. જયારે આકસ્મિક આગનો બનાવ બને તો તે માટે ન પા એ આ પરમીશન માગનાર પાસે કઈ સલામતી માટે કાર્યવાહી કરેલ તો શહેરી વિસ્તારમાં આ રીતે એકસ્પ્લોજીવ નિયમોનો ભંગ કરીને પરમીશન આપી ન શકાય.

<u>એકઝી.કમીટી ઠરાવ નં.૧૭૨, ૧૭૩, ૧૭૪, ૧૭૫, ૧૭૬, ૧૭૭ તા.૬–૯–૨૨ અને એ ક કમીટી ઠરાવ ૨૧૩, ૨૧૪, ૨૧૫, ૨૧૬, ૨૧૭ તા.૭–૧૦–૨૨.</u>

ઉપરોકત ઠરાવો એકઝી કમીટીમાં થયેલ છે. ન.પા.માં ગુ.સરકાર ૧૯૬૩ ના અધિનિયમ મુજબ ૫૫ મુજબ ન.પા.ના વહીવટ માટે બીજી સમિતિઓ બનાવેલ છે અને હાલ આ સમિતિઓ અસ્તીત્વમાં છે. છતાં વોટર વર્કસ કમીટીના ઠરાવો કે જે કામગીરી વોટર વર્કસ કમીટીના ચેરમેન અને ઈજનેરને ખબર હોય કે કયાં કયુ કાર્ય થયેલ અને ખર્ચ થયેલ પરંતુ કાયદાકીય રીતે નીમાયેલ કમીટીની અવગણના કરીને વોટર વર્કસ કમીટીના ઠરાવો એકઝી કમીટીમાં મજુર કરવામાં આવે છે. તેથી આ કમીટીનો (વોટર વર્કસ)નો અર્થ નથી તો પ્રથમ બીજી સમિતિઓનું વિસર્જન કરવુ અને સમગ્ર વહીવટ એકઝી કમીટી યા પ્રમુખશ્રીને કરવો જોઈએ જેથી આ વોટર વર્કસના સમગ્ર ઠરાવો તે કમીટીમાં મંજુર કરાવેલ નથી જેથી આ સમગ્ર ઠરાવનો વિરોધ કરવામાં આવે છે.

<u>એકઝી.કમીટી ઠરાવ નં.૧૮૧ તા.૬–૯–૨૨</u>

આ ઠરાવ સ્કોરપીયો ગાડી જી.જે.૨૩ જી.એ.૦૭૧૭ નું ટાયર ફાટી ગયેલ હોવાથી તા.૧૨–૮–૨૨ ના રોજ સરકયુલર ઠરાવથી એકની જગ્યાએ ચાર ટાયર ખરીદવાનું છે.

રૂા.૬૫૯૯૭ ના ચાર ટાયર ખરીદેલ છે. ગુ.સરકારી અધિનિયમ ૧૯૬૩ કલમ ૭૦ ની પેરા (૧) કલમ (૩) માં પાંચ હજારથી વધુ ખર્ચ કરવાનો હોય તો મુખ્ય અધિકારી વર્તમાન પેપરમાં જાહેર ખબર પ્રસિધ્ધ કરીને ટેન્ડર મંગાવવા જોઈએ આમ આ ખરીદીમાં ગુ. સરકારના અધિનિયમનો ભંગ થાય છે. તેથી આ ખરીદીનો ખર્ચ નામંજુર કરવામાં આવે છે.

<u>એકઝી.કમીટી ઠરાવ નં.૧૮૪ તા.૬–૯–૨૨</u>

આ ઠરાવ શ્રીરંગ સોસાયટીમાં આર.સી.સી. રોડ બનાવવાનું કામ કરતા હોવાથી ત્રણ(૩) ની પાણીની લાઈન ફાટી ગયેલ તે રીપરીંગના નાણાં કુલ ૩૮૦૦ રૂા. છે. આ લાઈન જય ખોડલ એન્ટરપ્રાઈઝના કર્મચારીથી તુટેલ છે. તો આ જવાબદારી તેમની છે. તો આ નાણાં તેમની પાસેથી વસુલ લેવાનો સુધારો મુકવામાં આવે છે.

<u>એકઝી.કમીટી ઠરાવ નં.૧૮૫</u>

આ ઠરાવ ત્રંબાવટી કોમ્પલેક્ષની બાજુમાં આવેલ ખુલ્લી જગ્યા બાબતે નામદાર હાઈકોર્ટ એસ.સી.એ./૧૧૧૩૬/૨૦૨૨ અને ૧૭૨૧૭/૨૨ નગરપાલિકા સામે પીટીશન કરેલ છે તેમા વકીલ રોકવાની બાબત છે.

પ્રથમ પ્રશ્નએ થાય કે ખાનગી વ્યકિતને નગરપાલીકા સામે કેમ પીટીશન કરેલ. સદર જગ્યા સરકારી જગ્યા છે.(પાણીના નીકાલની) તો નગરપાલીકા સામે કેમ કરે ?

વધુમાં અગાઉના જ બોર્ડમાં પ્રમુખશ્રીએ સદર જગ્યાનો કોઈપણ ઠરાવ જ બોર્ડમાં થયેલ નથી તેવો ઠરાવ કરીને અગાઉની સઘળી પ્રક્રિયા રેકર્ડમાંથી કાઢી નાખવાનો ઠરાવ કરેલ હતો. તો ન.પાલિકા અગાઉના ખોટા થયેલ ઠરાવ સામે કેમ કોઈ કાર્યવાહી કરેલ નથી ન.પાલિકામાં ચુટાયેલી પાંખના પ્રમુખશ્રી અને ચીફ ઓફીસરશ્રી તથા કમીટી કલાર્ક સામે કેમ કોઈ કાર્યવાહી કરેલ નથી જ.બોર્ડમાં કોઈ ઠરાવ થયેલ નથી અને ખાનગી વ્યકિત ને સરકારી જગ્યા આપવાનો ન પાલિકા ખોટી રીતે ઠરાવ કરીને ખાનગી વ્યકિતને લાભ આપેલ છે તો તે સામે કઈ કાર્યવાહી કરેલ નથી. અને જે વકીલ રોકવાનો ખર્ચ છે તે જે જવાબદારો પાસે લઈ વસુલ કરવાનો સુધારો મુકવામાં આવે છે.

<u>એકઝી.કમીટી ઠરાવ નં.૧૮૬ તા.૬–૯–૨૨</u>

આ ઠરાવ તોડેલા કચરો(પોયણુ) ચકડોળ ગ્રાઉન્ડ ઉપર પડેલ તે ઉપાડવા માટે સ્ટેટમેન્ટ મુજબ તા.૨૬–૮–૨૨ થી ૩૦–૮–૨૨ સુધી કુલ ૨૨૭ ફેરા ઉપાડેલ છે. એક ફેરાના રૂા. ૩૦૦ થયેલ છે. એટલે એક દિવસમાં ૪૫ ફેરા મારેલ છે. તેના રૂા.૬૮૧૦૦ ચુકવવાના છે તો પોયણુ કોનું હતુ અને જેનુ હતું તેની પાસેથી ન પાલિકાએ કેટલા રૂા. લીધા જેની વિગત નથી. અને આ પોયણુ જે કોન્ટ્રાકટરનું હોય તેને આ નાણાં ચુકવવા જોઈએ એ બાબતનું કોઈ વિગત નથી.

આ ઠરાવ આજ કમીટીમાં બે વખત લખાયેલ છે. અને તે એ ક કમીટી ઠરાવ.૧૯૭

તા.૬–૯–૨૨ માં ફરી કરેલ છે.  આવી બેદરકારી રાખવામાં આવે છે.  આમ એક જ આઈટમના એક જ દીવસે બે ઠરાવ લખવામાં આવે છે અને આ બાબતમાં કોણ જવાબદાર માટે અગાઉ પણ આવી બાબતો થયેલ છે. અને અમો ધ્યાન દોરેલ છે.  પરંતુ કોઈ ધ્યાને લેવાતું નથી.

**સુધારા દરખાસ્ત પર મતદાન લેતા**

| તરફેણ | | | વિરૂધ્ધ | | |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી | ચંદુભાઈ ભુરાભાઈ કડીયા | ૧ | શ્રી | ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા |
| ૨ | શ્રી | અંબાબેન જગદીશભાઈ જાદવ | ૨ | શ્રી | નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી |
| ૩ | શ્રી | ભારતીબેન રમેશભાઈ રાણા | ૩ | શ્રી | મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય |
| ૪ | શ્રી | નીતીનભાઈ રૂધનાથજી બ્રહ્મભટ્ટ | ૪ | શ્રી | નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ |
| ૫ | શ્રી | ખુશમનભાઈ શાંતીલાલ પટેલ | ૫ | શ્રી | અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા |
| ૬ | શ્રી | હંસાબેન કંચનલાલ રાણા | ૬ | શ્રી | હેતલબેન કરશનભાઈ ભીલ |
| | | | ૭ | શ્રી | સોનલબેન નિતિનકુમાર જોષી |
| | | | ૮ | શ્રી | વિજયસિંહ ચંદુભાઈ પરમાર |
| | | | ૯ | શ્રી | કનૈયાલાલ મફતલાલ રાણા |
| | | | ૧૦ | શ્રી | નિતાબેન દિલીપભાઈ રાણા |
| | | | ૧૧ | શ્રી | કામીની હિરેનકુમાર ગાંધી |
| | | | ૧૨ | શ્રી | રાજેશકુમાર ગુણવંતલાલ રાણા |
| | | | ૧૩ | શ્રી | રેખાબેન અલ્પેશકુમાર જાદવ |
| | | | ૧૪ | શ્રી | શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય |
| | | | ૧૫ | શ્રી | ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ |
| | | | ૧૬ | શ્રી | જયાબેન રોહીતભાઈ ખારવા |

સુધારા દરખાસ્ત પર મતદાન લેતા તરફેણમાં (૦૬) વિરૂધ્ધમાં (૧૬) મત પડતાં સુધારા દરખાસ્ત ના મંજુર થાય છે.

**મુળ દરખાસ્ત પર મતદાન લેતા**

| તરફેણ | | | વિરૂધ્ધ | | |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી | ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા | ૧ | શ્રી | ચંદુભાઈ ભુરાભાઈ કડીયા |
| ૨ | શ્રી | નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી | ૨ | શ્રી | અંબાબેન જગદીશભાઈ જાદવ |
| ૩ | શ્રી | મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય | ૩ | શ્રી | ભારતીબેન રમેશભાઈ રાણા |
| ૪ | શ્રી | નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ | ૪ | શ્રી | નીતીનભાઈ રૂધનાથજી બ્રહ્મભટ્ટ |
| ૫ | શ્રી | અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા | ૫ | શ્રી | ખુશમનભાઈ શાંતીલાલ પટેલ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬ | શ્રી | હેતલબેન કરશનભાઈ ભીલ | ૬ | શ્રી | હંસાબેન કંચનલાલ રાણા |
| ૭ | શ્રી | સોનલબેન નિતિનકુમાર જોષી | | | |
| ૮ | શ્રી | વિજયસિંહ ચંદુભાઈ પરમાર | | | |
| ૯ | શ્રી | કનૈયાલાલ મફતલાલ રાણા | | | |
| ૧૦ | શ્રી | નિતાબેન દિલીપભાઈ રાણા | | | |
| ૧૧ | શ્રી | કામીની હિરેનકુમાર ગાંધી | | | |
| ૧૨ | શ્રી | રાજેશકુમાર ગુણવંતલાલ રાણા | | | |
| ૧૩ | શ્રી | રેખાબેન અલ્પેશકુમાર જાદવ | | | |
| ૧૪ | શ્રી | શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય | | | |
| ૧૫ | શ્રી | ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ | | | |
| ૧૬ | શ્રી | જયાબેન રોહીતભાઈ ખારવા | | | |

મુળ દરખાસ્ત પર મતદાન લેતા તરફેણમાં (૧૬) વિરૂધ્ધમાં (૦૬) મત પડતાં મુળ દરખાસ્ત મંજુર થાય છે.

સહી. કામીની એચ. ગાંધી

પ્રમુખ

ખંભાત નગરપાલિકા, ખંભાત

સભ્યશ્રી અંબાબેન જગદીશભાઈ જાદવ અને ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા સાંજે ૭–૦૫ કલાકે જનરલ બોર્ડમાંથી બહાર જતા રહેલ છે.

<u>સુધારો :–</u>

ઉપરોકત ઠરાવ ચર્ચામાં મુકાતાં વિપક્ષી સદસ્યશ્રી નિતિનભાઈ આર.બ્રહ્મભટ્ટ તરફથી ઉપરોકત ઠરાવ બાબતે નીચે મુજબના સુધારા દરખાસ્ત સદસ્યશ્રી ભારતીબેન આર. રાણા ના ટેકા સાથે રજુ થઈ.

<u>એકઝી.કમીટી ઠરાવ નં.૧૮૭ તા.૬–૯–૨૨</u>

આ ઠરાવ ન.પાલિકાની વિવિધ કામની જગ્યાઓ પર એ ક કમીટી ૭૯ તા.૧૦–૬–૨૨ તા.૧–૬–૨૨ થી તા.૩૧–૭–૨૨ સુધી બે માસ માટે રાખવાનો ઠરાવ છે. તેમની મુદત તા.૩૧–૭–૨૨ ના રોજ પૂર્ણ થાય છે. અને એ ક કમીટીનો તા.૧૦–૬–૨૨ નો ઠરાવ જ બો તા.૩૦–૭–૨૨ ના રોજ ભરાયેલ ને બોર્ડમાં મંજુરી માટે મુકેલ હતો અને આજે મુદત વીતી ગયા પછી તા.૩૦–૧૦–૨૨ ના રોજ જ બોર્ડમાં મુકવામાં આવે છે. તો આ પ્રશ્ન ઘણો વિચાર માગીલે છે. આ રીતે જ બોર્ડની આર્થિક જવાબદારી લાવવાનો પ્રશ્ન થશે. તા. ૩૦–૭–૨૨ ના જ બોર્ડમાં અમોએ સુધારો મુકેલ છે કે આવી જગ્યાઓ રાખવા માટે નિયામકશ્રીની પૂર્વ મંજુરી લેવાની હોય છે તે પૂર્વ મંજુરી લીધેલ નથી અને આ ભરતી અંગે

ન.પાલિકાના કાઉન્સીલરશ્રી ઈફતેખાર યમનીએ તા.૭–૪–૨૨ ના રોજ નિયામકશ્રી શહેરી વિકાસ ગુ.ન પાલિકા ૨૫૮ કાયદા હેઠળ અરજી કરેલ છે અને આ અરજી પેન્ડીંગ છે. તેથી આ ભરતી અંગેનો વિરોધ કરવામાં આવે છે.

<u>એકઝી.કમીટી ઠરાવ નં.૧૯૦ તા.૬–૯–૨૨</u>

આ આઈટમ કામ–૩ અને ૪ ના કામ રદ કરીને કામ દર્શાવેલ છે. તો સદર કામ–૩ અને ૪ જે મુકેલ હતું તો તે વખતે કયા કારણસર મૂકેલ હતું આ આઈટમ બ્લોક સુધી સ્ટ્રોમ લાઈનની કામગીરી છે તો કયા કારણસર રદ કરેલ છે તે પ્રથમ જણાવવું.

વધુમાં બોરીયાપાડો આશાપુરી માતાના મંદીર પાસે ગટર ઉભરાવવાનુ કામ ઘણા સમયથી છે. અને બીજુ મેતપુર રોડ કૃષ્ણનગર સોસાયટીની બાજુમાં પાઈપ લાઈન ગટરની ઘણા વખતથી પ્રશ્ન છે. તો આ ઠરાવ રદ કરીને જેમ બને તેમ જલ્દી આ પ્રશ્નનો નીકાલ થાય પણ તા.૬–૦૯–૨૨ ના રોજ ઠરાવ થયેલ છે. છતાં આ વિસ્તારનું કામ થતુ નથી. ધાર્મિક સ્થળ પાસે ગટરનું પાણી ઉભરાય છે. ગંદકી થાય છે. પણ આ પ્રશ્ન લેવાવવાની શા માટે જરૂર પડી.

<u>એકઝી.કમીટી ઠરાવ નં.૧૯૦ તા.૬–૯–૨૨</u>

આ ઠરાવ એ ક કમીટી ઠરાવ ૯૭ તા.૧૬–૦૭–૨૨ ના કામોમાંથી અનુક્રમ નંબર ૩ અને ૪ ના કામો રદ કરીને નવા કામો મુકવામાં આવેલ છે.

જેમા નીચેના કામો મુકવાનો ઠરાવ કરેલ છે.

(૧) અકબરપુર લીમડાશેરી જયંતીભાઈ રાઠોડના ઘર પાસે ગટર કામ — રૂા.૧,૧૧,૩૦૦

(૨) બોરીયાપાડો આશાપુરીમાતા મંદિર પાસે ગટર ઉભરાવવાના કામ — રૂા.૯,૫૫,૧૦૦

(૩) મેતપુર રોડ કૃષ્ણનગર સોસાયટી બાજુમાં શીવમ સોસાયટીના ગટરનું કામ — રૂા.૩૪,૧૬,૨૦૦ છે.

ઉપરોકત ઠરાવ તા.૬–૯–૨૨ ના રોજ થયેલ હતો આશાપુરા મંદીર પાસે અને મેતપુર રોડ અને અકબરપુરમાં ગટર ઉભરાવવાથી આરોગ્યના ઘણા પ્રશ્નો ઉદ્ભવેલ અને આ કામો માટે ન.પાલીકામાં વારંવાર રજુઆત થયેલ છે. છતાં ગુ.ન.પા.અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૪૫(ડી) હેઠળ પ્રમુખશ્રીએ કરેલ નથી અને આદેશ ક્રમાંક ૦૯ તા.૨૩–૮–૨૨ ના રોજ માણેકચોક વિસ્તારમાં ગટર લાઈન માટે પોતાની સત્તાનો ઉપયોગ કરેલ તે સારી વાત છે. તો માણેકચોક વિસ્તારની ગટર લાઈન પ્રમુખશ્રીના ઠરાવથી થઈ પણ ઉપરોકત વિસ્તારમાં ગટર લાઈન ઉભરાવવા છતાં આ વિસ્તારને અન્યાય કરીને નાગરીકોના આરોગ્ય સાથે ચેડા કરેલ છે. તો તેની ઉપાય કરીને પ્રમુખશ્રીની વ્હાલા દવલાની નીતીનો વિરોધ કરવામાં આવે છે.

એકઝી.કમીટી ઠરાવ નં.૧૯૧ તા.૬–૯–૨૨

આ ઠરાવ મ્યુ.ફાઈ બોર્ડ ૮–૯–૨૨ હેઠળ રૂા.૮૦ લાખની ગ્રાટ અંગે છે. પરંતુ જે ઠરાવ થયેલ છે તેમા અ નં.૨ માં ૧,૨૨,૭૫૦૦ રૂા. લખેલ છે. અને અ નં.૩ માં ૨,૧૪,૮૧૫૦ રૂા. લખવામાં ભુલ છે. અને કુલ સરવાળામાં ૩,૬૨૯,૫૦૦ લખેલ છે. હીસાબનીશ ખાતામાં એ રકમ આવી રીતે લખાય છે.

એકઝી.કમીટી ઠરાવ નં.૧૯૨ તા.૬–૯–૨૨

આ ઠરાવ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ ૨૦૧૬ ઘન કચરાની સાઈટ પર યોગ્ય વૈજ્ઞાનિક પધ્ધતીથી ટેકનોલોજી દ્વારા પ્રોસેસિંગ અને ૧૫માં નાણાં પંચમાં સાઈટ પર જે પહેલા શેડ, લાઈટીંગ, રોડ, વર્મી કંમ્પોસ્ટના શેડ બનાવવામાં આવેલ છે.

પ્રશ્ન એ છે કે આ સ્થળે ઉપરોકત જે વ્યવસ્થા કરેલ છે. તેને કેટલા વર્ષો થયા આજે આ જગ્યાએ કરેલ કામ ખંડેર છે. અને ન.પા. કરેલ નાણાનો દુરપયોગ થયેલ છે. કુલ ગ્રાટ રૂા.૨,૪૧,૦૨,૩૦૦ મળેલ છે. જે સાઈટ પર બનાવેલ છે.

હવે સદર જગ્યા પાંચ વર્ષ માટે સફાઈ કરીને શરતોને આધિન આપવામાં આવશે વધારાનો ખર્ચ સ્વભંડોળમાંથી ભોગવવાનો છે આમા કેટલો ખર્ચ થશે અને આ કામગીરી માટે પ્રમુખશ્રી/કારોબારી ચેરમેન/ચીફ ઓફીસરશ્રીને સત્તા આપવાની છે પણ પ્રથમ કેટલાં ખર્ચ કરશે અને કેટલા સમયમાં આ પ્રક્રિયા પુરી કરવાની છે તેની સમયમર્યાદા નકકી કરવી અને અગાઉના સમયના ખર્ચ કરેલ નાણાં અને તે માટે જે જવાબદારો હોય તેમને સરકારશ્રી ની ગ્રાંટ હોવા છતાં ઘન કચરાના પ્રોસેસીંગની કામગીરી પુરી કરેલ નથી તે માટે કોણ જવાબદાર છે. તેની તપાસ કરીને જ બોર્ડ સમક્ષ દોષી સામે પગલા લેવા જ બોર્ડમાં ઠરાવ લાવીને તેમની સામે કરેલ ખર્ચની જવાબદારી નકકી કરવી.

તો પ્રશ્ન પ્રથમ કામગીરી માટેના જવાબદારો માટે નાણાંકીય અને નાગરીકોના આરોગ્ય સાથે જે ચેડા કરેલ છે. તેની જવાબદારી નકકી કરવી અને નવા કામ માટે સમય–મર્યાદા અને જવાબદારી નકકી કરવી તેવો સુધારો મુકવામાં આવે છે.

એકઝી.કમીટી ઠરાવ નં.૧૯૪ તા.૬–૯–૨૨

આ ઠરાવ વિવિધ ખાતામાં એ ક કમીટી ૫૭ થી જે ભાડાનો દર નકકી કરેલ છે તે મજુરી માટેનો છે. તા.૧–૭–૨૨ થી ૧૫–૭–૨૨ નો ખર્ચ રૂા.૧,૭૩,૩૬૦ થયેલ છે. તે ઠરાવ ૧૫/૭ સુધીનો તા.૩૦–૭–૨૨ ના ઠરાવમાં મંજુર કરેલ નથી અને ૧૦૫ દીવસ પછી જ બોર્ડમાં મંજુરી માટે લાવવામાં આવે છે તો આ થઈ ને બોર્ડમાં કેમ ન લવાયો ૧૫ દીવસમાં ૧૯૭ કલાક કામ કરેલ છે એટલે ૧૫ દીવસના × ૨૪ કલાક ૩૬૦ કલાકમાં ૧૯૭ કલાક કામ કરેલ છે. એટલે આટલો સમય જીસીબી ચાલી શકે આ ખર્ચ નામંજુર કરવામાં આવે છે. અને જે સમય નોંધણી કરતો હોય તેની સામે ખુલાસો માંગવામાં આવે.

નવી ગ્રાંટમાંથી નવુ જીસીબી મુકવું તેવો સુધારો મુકવામાં આવે છે.

**એકઝી.કમીટી ઠરાવ નં.૧૯૫ તા.૬–૯–૨૨**

આ ઠરાવ જીસીબી (2DX) નં. GJ 18 G 8783નું લોડર તથા બકેટ તુટી ગયેલ છે. સદર જીસીબી લાવેલ પણ કેવી જગ્યાએ વપરાયેલ તેની લોગબુક અને તેમાં કેટલો ડીઝલ ખર્ચ થયેલ તેની પ્રથમ માહીતી આપવી. ખરીદેલ સમયમાં વોરંટી છે કે નહી તેની પણ માહિતી આપવી. કઈ કામગીરીમાં બકેટ તૂટેલ તે પણ માહીતી આપવામાં આવે. જેથી ખર્ચ નામંજુર કરવામાં આવે છે.

**એકઝી.કમીટી ઠરાવ નં.૧૯૬ તા.૬–૯–૨૨**

આ ઠરાવ વિવિધ ખાતામાં જેસીબી/ટ્રેકટર ભાડા સ્ટેટમેન્ટ મુજબ તા.૧૮–૭–૨૨ થી ૨૨–૭–૨૨ સુધીના કુલ ૧૫૫ ફેરા રૂા.૪૬૫૦૦ થયેલ છે. આ જુલાઈનો ખર્ચ તા. ૩૦–૯–૨૨ માં મંજુરી માટે લાવેલ નથી કરેલ ખર્ચ મનસ્વી રીતે જ બોર્ડમાં મંજુરી માટે લાવવાના હોય છે. ગુ.ન.પા.અધિનિયમ ૧૯૬૩ ની નાણાકીય ખર્ચની જોગવાઈઓ મુજબ કરેલ ખર્ચ નજીકના આવનાર જ બોર્ડમાં મંજુરી માટે લાવવા પરંતુ કાયદાકીય રીતે કાર્ય મજુરી માટે રજુ થતુ નથી.

કુલ ૧૮/૭ થી ૨૨/૭ સુધી ૧૨૦ કલાકમાં ૧૫૫ ફેરા મારેલ છે તો આપણા ન.પા.ના સેનેટેશનના ટ્રેકટરો ચાર દીવસમાં કચરાના કેટલા ફેરા ઉપાડે છે. આ ખર્ચ નિયમોનુસાર નથી જેથી વિરોધ કરવામાં આવે છે. અને નામંજુર કરવામાં આવે છે.

**એકઝી.કમીટી ઠરાવ નં.૧૯૭ તા.૬–૯–૨૨**

આ ઠરાવ જુદા ખાતાના રોડ તોડેલ કચરો (પોયણું) ઉપાડવાના સ્ટેટમેન્ટ મુજબ ૨૬–૮–૨૨ થી ૩૦–૮–૨૨ સુધી ૨૨૭ ફેરા રૂા.૬૮૧૦૦ થયેલ છે. કુલ ૧૨૦ કલાકના ૨૨૭ ફેરા ઉપાડેલ છે.

પ્રશ્ન એ થાય છે કે રોડ તોડેલ પોયણું કોણે ઉપાડેલ છે અને ચકડોળ ગ્રાઉન્ડ પર એ પોયણું કોણે નાખેલ છે. ન.પાલિકા કોઈપણ રોડના યા ગટરના કામ કરતી નથી અને સદર કામો કોન્ટ્રાકટ પાસેથી કરાવે છે. તો આ પોયણું ચકડોળ ગ્રાઉન્ડ પર કોણે નાખેલ છે અને કરારમાં રોડ તોડેલ યા અન્ય પોયણું જવાબદારી કોન્ટ્રાકટરની છે તો પછી આ ખર્ચ કરવાની જરૂર કેમ પડી અને આ પોયણુંના ફેરા ૨૨૭ થયેલ છે તો તેની આવક કેટલી થયેલ છે તે દર્શાયેલ નથી ન.પાલિકા આ પોયણું ચકડોળ ગ્રાઉન્ડ પરથી ઉઠાવીને કઈ જગ્યાએ આપેલ તેના નાણાં કેમ ન આવેલ તેની તપાસ કરવી અને આવક નહી દર્શાવીને નાણાંની ઉચાપત કરેલ છે. અને પોયણુંની આવક નહી ઉપજાવીને નાણાકીય નુકશાન ન.પાલિકાને કરેલ છે તો તેમની સામે (જવાબદારો) કાર્યવાહી કરવી. અને જે કોન્ટ્રાકટરોએ પોયણું ચકડોળ ગ્રાઉન્ડ પર નાખેલ છે તેની સામે ચકડોળ ગ્રાઉન્ડ પોયણું નાખેલ તેનું ભાડુ વસુલ

લેવું જોઈએ.

સુધારા દરખાસ્ત પર મતદાન લેતા

| તરફેણ | | | વિરૂધ્ધ | | |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી | ચંદુભાઈ ભુરાભાઈ કડીયા | ૧ | શ્રી | નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી |
| ૨ | શ્રી | ભારતીબેન રમેશભાઈ રાણા | ૨ | શ્રી | મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય |
| ૩ | શ્રી | નીતીનભાઈ રૂધનાથજી બ્રહ્મભટ્ટ | ૩ | શ્રી | નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ |
| ૪ | શ્રી | ખુશમનભાઈ શાંતીલાલ પટેલ | ૪ | શ્રી | અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા |
| ૫ | શ્રી | હંસાબેન કંચનલાલ રાણા | ૫ | શ્રી | હેતલબેન કરશનભાઈ ભીલ |
| | | | ૬ | શ્રી | સોનલબેન નિતિનકુમાર જોષી |
| | | | ૭ | શ્રી | વિજયસિંહ ચંદુભાઈ પરમાર |
| | | | ૮ | શ્રી | કનૈયાલાલ મફતલાલ રાણા |
| | | | ૯ | શ્રી | નિતાબેન દિલીપભાઈ રાણા |
| | | | ૧૦ | શ્રી | કામીની હિરેનકુમાર ગાંધી |
| | | | ૧૧ | શ્રી | રાજેશકુમાર ગુણવંતલાલ રાણા |
| | | | ૧૨ | શ્રી | રેખાબેન અલ્પેશકુમાર જાદવ |
| | | | ૧૩ | શ્રી | શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય |
| | | | ૧૪ | શ્રી | ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ |
| | | | ૧૫ | શ્રી | જયાબેન રોહીતભાઈ ખારવા |

સુધારા દરખાસ્ત પર મતદાન લેતા તરફેણમાં (૦૫) વિરૂધ્ધમાં (૧૫) મત પડતાં સુધારા દરખાસ્ત ના મંજુર થાય છે.

મુળ દરખાસ્ત પર મતદાન લેતા

| તરફેણ | | | વિરૂધ્ધ | | |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી | નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી | ૧ | શ્રી | ચંદુભાઈ ભુરાભાઈ કડીયા |
| ૨ | શ્રી | મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય | ૨ | શ્રી | ભારતીબેન રમેશભાઈ રાણા |
| ૩ | શ્રી | નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ | ૩ | શ્રી | નીતીનભાઈ રૂધનાથજી બ્રહ્મભટ્ટ |
| ૪ | શ્રી | અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા | ૪ | શ્રી | ખુશમનભાઈ શાંતીલાલ પટેલ |
| ૫ | શ્રી | હેતલબેન કરશનભાઈ ભીલ | ૫ | શ્રી | હંસાબેન કંચનલાલ રાણા |
| ૬ | શ્રી | સોનલબેન નિતિનકુમાર જોષી | | | |
| ૭ | શ્રી | વિજયસિંહ ચંદુભાઈ પરમાર | | | |
| ૮ | શ્રી | કનૈયાલાલ મફતલાલ રાણા | | | |
| ૯ | શ્રી | નિતાબેન દિલીપભાઈ રાણા | | | |

| | | |
|---|---|---|
| ૧૦ | શ્રી | કામીની હિરેનકુમાર ગાંધી |
| ૧૧ | શ્રી | રાજેશકુમાર ગુણવંતલાલ રાણા |
| ૧૨ | શ્રી | રેખાબેન અલ્પેશકુમાર જાદવ |
| ૧૩ | શ્રી | શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય |
| ૧૪ | શ્રી | ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ |
| ૧૫ | શ્રી | જયાબેન રોહીતભાઈ ખારવા |

મુળ દરખાસ્ત પર મતદાન લેતા તરફેણમાં (૧૫) વિરૂધ્ધમાં (૦૫) મત પડતાં મુળ દરખાસ્ત મંજુર થાય છે.

સહી. કામીની એચ. ગાંધી

પ્રમુખ

ખંભાત નગરપાલિકા, ખંભાત

સભ્યશ્રી હંસાબેન કંચનલાલ રાણા સાંજે ૭–૧૫ કલાકે જનરલ બોર્ડમાંથી બહાર જતા રહેલ છે.

<u>સુધારો :–</u>

ઉપરોકત ઠરાવ ચર્ચામાં મુકાતાં વિપક્ષી સદસ્યશ્રી નિતિનભાઈ આર.બ્રહ્મભટ્ટ તરફથી ઉપરોકત ઠરાવ બાબતે નીચે મુજબના સુધારા દરખાસ્ત સદસ્યશ્રી ભારતીબેન આર. રાણા ના ટેકા સાથે રજુ થઈ.

<u>એકઝી.કમીટી ઠરાવ નં.૧૯૮ તા.૬–૯–૨૨</u>

આ ઠરાવ જુદા વિભાગના સ્ટેટમેન્ટ મુજબ જેસીબીના ભાડા માટે છે. તા.૧૬–૭–૨૨ થી ૩૧–૭–૨૨ રૂા.૧,૫૬,૬૪૦ની સામે ૧૭૮ કલાક કામ કરેલ છે. એટલે એક કલાકના ૮૮૦ રૂા. થાય.

આમ આપણ જુલાઈનો ખર્ચ ૩૦–૯–૨૨ ના જ બોર્ડમાં લાવેલ નથી અને નિયમોનુસાર પ્રમુખશ્રી ખર્ચની આઈટમ જ બોર્ડમાં નહી લાવીને પોતે શુ સાબિત કરવા માંગે છે. માટે નિયમોનુસાર ખર્ચ નહી કરેલ હોવાથી અને જ બોર્ડમાં સમયમર્યાદા ફરીથી જ બોર્ડમાં નહી લાવીને નિયમનો ભંગ કરેલ છે તેથી નામંજુર કરવામાં આવે છે.

<u>એકઝી.કમીટી ઠરાવ નં.૨૦૫ તા.૨૮–૯–૨૨</u>

આ ઠરાવ મોચીવાડ રોડ પર આવેલ ખંભાત ન.પાલીકાનું સ્વામી વિવેકાનંદ કોમ્પલેક્ષ ગ્રાઉન્ડ ફલોર પર ન.પાલિકા દ્વારા બાંધકામ કરેલ છે જે ૧૧ માસના સમયગાળા માટે ભાડે આપવાનું છે.

આ ઠરાવમાં લખવામાં આવેલ છે કે એસ્ટેટ કલાર્કના રીપોર્ટ તથા ચીફ ઓફીસરશ્રી ની ભલામણ વંચાણે લેતા ગ્રાઉન્ડ ફલોર જે બે હોલ બાંધેલ છે. આમ તેમને કબુલ છે કે સદર

હોલ જાહેર હીત માટે નાગરીકોના લાભ માટે બાંધેલ છે. અને એસ્ટેટ કલાર્કનો તથા ચીફ ઓફીસરશ્રીનો રીપોર્ટ જ.બોર્ડમાં મુકવા.

અગાઉ તા.૨૭–૧૧–૨૦ ના ચીફ ઓફીસરશ્રીએ પ્રમુખશ્રીને યોગ્ય નિર્ણય અર્થે રીપોર્ટ કરેલ હતો તેમા તેમને સ્પષ્ટપણે આ હોલ ભાડે અપાય તેમ જણાવેલ નથી. અને એક વેપારી અરજી કરે અને ન પાલિકા તેને લાયસન્સ ફી થી આપે તેવી ગુ.ન પાલિકામાં ૧૯૬૩માં કોઈ જોગવાઈ નથી. અને પૂર્વ પ્રમુખશ્રીએ ૧૧ માસ કરાર આધારીત આપવા મંજુર પણ સદર પ્રમુખશ્રીએ ઠરાવ જ બોર્ડ સમક્ષ લાવવામાં આવેલ ન હતો.

ન પાલિકા કાઉન્સીલર શ્રી નીતીનભાઈએ તા.૩૦–૯–૨૧ ના રોજ હોલ ભાડે આપવા માટે પાંચ પ્રશ્નોની માહિતી માંગેલ હતી.

ખંભાત ન.પાલિકાએ સુજાનંબર ૨૫૫૯ તા.૩૦–૧૦–૨૧ અને તા.૮–૧૨–૨૧ માહીતી અધિકારમાં ૪–૧૦–૨૧ ની અરજીમાં ખંભાતના ટેક્ષ પેયર કનુભાઈ શાહે જવાબ આપેલ છે. કે મુદ્દા નં.૧ માં ખંભાત ન.પાલિકાએ વિવેકાનંદ કોમ્પલેક્ષમાં આ આવેલ હોલ શ્રી સંજયકુમાર આત્મારામને ભાડે આપેલ ન હોઈ માહીતી પુરી પાડવાની રહેતી નથી આમ ચીફ ઓફીસરશ્રીએ ખોટો તદન સત્યથી વેગળો જવાબ આપેલ હતો.

જા.નં.પ્રા ક/આરટીઆઈ/વશી ૨૧૭/૨૧ તા.૧૭–૧૨–૨૧ પ્રાદેશિક કચેરી વડોદરા કેતન એમ. વાનાણી સમક્ષ અરજી પણ થયેલ છે.

પછી એ ક ઠ નં. ૨૩૦ તા.૨૮–૧૦–૨૧ ના રોજ સદર સવાલવાળો હોલ ૧૧ માસ માટે લાયસન્સથી આપેલ હતો. પ્રથમ વખતે ૯૦૦૦ માસીક લાયસન્સ ફી તથા જીએસટી તથા તમામ ટેક્ષ ભરવાની શરતે આપેલ હતો અને તા.૨૮–૧૦–૨૧ એકઝી કમીટી એ ફકત નવ હજાર પાંચસો રૂા.(૯૫૦૦) પ્રત્યેક માસે ચૂકવવા આમ ફરીથી જે લાયસન્સ ફી અગાઉ કરતા ઓછી લઈને ન.પાલિકાને આર્થિક નુકશાન કરેલ છે.

એકઝી કમીટી શરત–૧ માં ન.પાલિકા કબુલ કરેલ છે કે મ્યુ બ્લોક નંબર બી૦૧૨૨એચ છે. તે હોલ છે તો હોલ સાર્વજનીક હેતુ માટે હોવાથી કોઈપણ સંજોગોમાં આપી ન શકાય.

ન.પાલિકાની જમીન/મકાનો/દુકાનો/શોપીંગ ભાડા પટ્ટે કે વેચાણથી આપવા માટે ગુ. સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ તા.૬–૧–૧૫ અને તા.૯–૨–૧૬ ની નકલ આ સુધારો સાથે સામેલ કરેલ છે. તેનો ચુસ્તપણે અચૂક અમલ કરવામાં આવે અને ઉપરોકત ગુ.સરકારના ઠરાવ વિરૂધ્ધ મતદાન કરનાર કાઉન્સીલરશ્રીઓ ગુ.ન.પા. અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૩૭ મુજબ ગેરલાયક થવા પાત્ર બનશે અને ન.પા. ના મુખ્ય અધિકારીશ્રીની સંપૂર્ણ જવાબદારી રહેશે તેની સભા નોંધ લે.

<u>એકઝી.કમીટી ઠરાવ નં.૨૦૭ તા.૨૮–૯–૨૨</u>

આ ઠરાવ મ્યુ.બ્લોક નંબર.K0296C ટીવી રીલે કેન્દ્ર તરીકે ઓળખાય છે. તે માસીક

લાયસન્સ ફી થી આપવાની થાય છે.

(૧) પ્રથમ સદર જગ્યા કોની માલીકી છે. જે ખુલ્લી જગ્યા છે. તે પણ કોની માલીકી છે.

(૨) ગુ.ન.પા.અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૧૪૬ ની પેટા કલમ (૧) માં તેની માર્કેટ વેલ્યુ કેટલી છે તે પ્રથમ સરકારશ્રીની કમીટી પાસે નકકી કરવી જોઈએ.

(૩) સદર મિલ્કતની અપસેટ વેલ્યુ પણ પ્રથમ નકકી કરીને અપસેટ વેલ્યુ નકકી કરવી જોઈએ.

(૪) અમારી જાણ મુજબ જે જગ્યા ખુલ્લી છે. તે જમીન કલમ ૧૪૮ મુજબ સાર્વજનિક રસ્તા તરીકે જાહેર થયેલ અને સદર જગ્યાએ નગરપાલીકાએ દબાણ કરીને દીવાલ કરેલ છે. તો આવી પરવાનગી આપી ન શકાય.

(૫) અગાઉ સદર જગ્યા સસ્તા અનાજની દુકાન માટે કોવીડના સમયમાં આપેલ હતી. પરંતુ છેલ્લા ૩૦ માસથી સદર જગ્યાનો ઉપયોગ સદર સસ્તા અનાજની દુકાનવાળા મંડળી કરતી હતી તો તે સમયગાળામાં કેટલી રકમ ભાડાથી આવક થયેલ છે તે જાહેર કરવામાં આવે. સદર સરકારી મંડળી નફો કરતી સંસ્થા છે તો તેને ભાડાની રકમ નહી લઈને અથવા ભાડુ ન લેવાનો ઠરાવ કરેલ હોય તો તે જ.બોર્ડ સમક્ષ જણાવવામાં આવે.

આમ છેલ્લા ૩૦ માસથી ભાડાની રકમ જમા નહી કરાવવા માટે જવાબદારો પાસે વસુલાત કરવાનો સુધારો મુકવામાં આવે છે. અને સદર જગ્યામાં શરત–૯ માં લખેલ છે કે દર બે વર્ષે ભાડાની ફી માં વધારો ૧૦ ટકા કરવામાં આવશે આમ તેની મુદત ૩ વર્ષ માટે જ છે તો પછી કાયદાની વિરૂધ્ધ શરત રાખવાથી શુ ફાયદો માટે ત્રણ વર્ષ માટે જ શરત ૧૦ માં લખેલ છે કે જે વ્યકિત હરાજીમાં ભાગ લેશે અને કરાર કરતા ઈસમ જે વ્યકિતના નામે કરાર કરવાનું કહેશે જેને તેની સાથે ન.પાલિકા કરાર કરશે. તો જે વ્યકિતને જરૂર ન હોય તે વ્યકિત હરાજીમાં ભાગ લઈને રીંગ કરીને ન પાલિકાને નુકશાન થાય માટે આ શરત પણ રદ કરાવી જે વ્યકિત હરાજીમાં ભાગ લે અને તે જ વ્યકિત સાથે ન પાલિકાએ કરાર કરવા અને સમયમર્યાદામાં કરાર ન કરે તો તેની ડીપોઝીટ રદ થાય.

સમગ્ર રીતે આ મંજુરી આપતા પહેલા પૂર્વ મંજુરી મેળવવી અને પછી જ બોર્ડમાં લાવવાં તેવો સુધારો મુકવામાં આવે છે.

વધુમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવના ૬–૧–૧૫ અને ૯–૨–૧૬ ની નકલ અમોએ એ ક કમીટી ઠરાવ ૨૦૫ તા.૨૮–૯–૨૨ માં મુકેલ છે. તો ગુ.સરકારના ઠરાવ વિરૂધ્ધ મતદાન કરનાર કાઉન્સીલરશ્રીઓ ગુ.ન પા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૩૭ મુજબ ગેરલાયક થવા પાત્ર બનશે અને ન.પા ના મુખ્ય અધિકારીશ્રી ની સંપૂર્ણ જવાબદારી રહેશે જેની સભા નોંધ લે.

**<u>એકઝી.કમીટી ઠરાવ નં.૨૦૮ તા.૨૮–૯–૨૨</u>**

આ ઠરાવ દીવાળી મેળા માટે ચકડોળ ગ્રાઉન્ડવાળી જગ્યા તા.૨૧–૧૦–૨૨ થી તા.૮–૧૧–૨૨ કુલ ૧૯ દીવસ માટે આપવામાં આવે.

પ્રશ્ન પ્રથમ એ સવાલ છે કે ૪૫,૫૦,૦૦૦ શ્રી હીતેશભાઈ કતારગામ સુરતવાળા બોલેલ છે. શરતમાં લખેલ છે કે સરકારશ્રીના જે કાંઈ ટેક્ષ ભરવાના થાય તે તથા જીએસટી ની રકમ થાય છે. ખંભાત ન.પાલિકામાં જમા કરવાની રહેશે તે અંગે અલગથી પાવતી આપવાની રહેશે એટલે ૪૫,૫૦,૦૦૦ ઉપર GST અને અન્ય ટેક્ષ ચકડોળ ગ્રાઉન્ડ રાખનારે ભરવાના થાય છે.

આમ છેલ્લા બે વર્ષથી કોવીડને કારણે અને ખંભાત શહેરમાં કોવીડની અસર બીજા શહેરો કરતા ધણી વધારે હતી. તો શહેરના નાગરીકોને તહેવારોમાં સારૂ મનોરંજન મળે અને મધ્યમ વર્ગ અને નાના કચડાયેલા વર્ગ તેનો મેળાનો લાભ લઈ શકે તે માટે ન પાલિકા એ આયોજન કરવું જોઈએ પણ ન.પાલિકાએ ઉચી બોલીને આ કારમી મોંઘવારીમાં ખંભાત ના નાગરીકોનું દીવાળીના તહેવાર પણ બગાડેલ છે અને તેમનું મનોરંજન ઝુટવી લીધેલ છે. તો ન પાલિકાએ નાગરીકોને મનોરંજન સારું મળે તે માટે ફીકસ રકમ નકકી કરીને તેનો આઈટમ પ્રમાણે ભાવ નકકી કરીને આપવો જેથી નાગરીકોને લાભ થાય. અને સરકારમાં રજુઆત કરવી જોઈએ કે આ લોકમેળો હોવાથી ન.પાલિકાને આર્થિક ફાયદો થાય છે. જેથી GSTમાંથી માફ અપાવવી જોઈએ અને ખંભાતના નાગરીકોને લાભ આપવો જોઈએ.

સમગ્ર રીતે મેળો હવે ચાલુ થઈ ગયેલ છે. અને ન.પાલિકા નાગરીકોને લાભ આપી શકેલ નથી અને ખંભાતના નાગરીકોને હેરાન કરેલ છે.

**<u>એકઝી.કમીટી ઠરાવ નં.૨૦૯ તા.૨૮–૯–૨૨</u>**

આ ઠરાવ ચકડોળ ગ્રાઉન્ડની આગળનો નીચેનો ભાગ દૈનીક લાયસન્સ ફીથી ઉઘરાવવા માટેનો છે પણ તા.૨૧–૧૦–૨૨ થી તા.૮–૧૧–૨૨ ૧૯ દીવસ માટેનો છે. અગાઉ અમોએ પાથરણાના લાયસન્સ ફી ઉઘરાવવા માટે સુચન કરેલ હતો વધારે ફી વસુલ કરવાથી નાગરીકો અને જે પોતાની સ્વ હસ્તકળા વેચીને પોતાની રોજી મેળવતા હોય છે તે નાના વર્ગના લોકોને આ લાયસન્સ ફી પોસાતી નથી અને જેથી ચાલુ વર્ષે આ લોકો ધર્મજ જલારામ મંદીરના મેળામાં ગયા છે. ચગડોળ ગ્રાઉન્ડથી સરદાર ટાવર અને વિવેકાનંદ સ્ટેચ્યું સુધી મેળાનો વિસ્તાર રાખવાથી જે પહેલા ન.પાલિકાને પાથરણાનુ ભાડુ બારમાસ આપે છે તેને પણ આર્થિક માર પડે છે. તો સદર મેળાના વિસ્તારના ધટાડો કરવામાં આવે.

જો ઉપરોકત મુજબ સુધારો નહી કરવામાં આવે તો સોનાના ઈંડા મુકતી મરઘી જ મરી જશે અને નજીકના ભવિષ્યમાં મેળો બંધ થશે અને ન.પાલિકા પોતાની સારી એવી આવક ગુમાવશે માટે સમય આવી ગયો છે કે આ મેળાના ચકડોળ ગ્રાઉન્ડ અને પાથરણાની હરાજી

ની અપસેટ વેલ્યુની રકમમાં ઘટાડો કરીને ન.પાલિકાને કાયમી વાર્ષિક આવક દર વર્ષે મળે તે દીશામાં કામ કરવું જોઈએ.

<u>એકઝી.કમીટી ઠરાવ નં.૨૧૦ તા.૭–૧૦–૨૨</u>

ગુ.મ્યુ.ફા.બોર્ડ તા.૭–૯–૨૨ હેઠળ રૂા.૮૦ લાખની ગ્રાંટ ફાળવેલ તેમા એ ક કમીટી ૧૯૧ તા.૬–૯–૨૨ જુદા જુદા વિસ્તારમાં કામો કરવાના ઠરાવ કરેલ ખરેખર આ નકકી કરેલ કામો ચોમાસા દરમ્યાન ધોવાઈ ગયેલ હતા કે કેમ ? તેની ગેરેન્ટી પીરીયડ કેટલો હતો ન.પાલીકાને વધારાના ૫૦ લાખની ગ્રાંટની માંગણી કરેલ છે તો જે રકમ આવેથી પ્રમુખશ્રી/ ચીફ ઓફીસરશ્રી તથા કારોબારી ચેરમેનને અધિકૃત કરવાની જરૂર નથી. જે ગ્રાંટ આવે અને તે રકમ ખરેખર ધોવાઈ ગયેલ રસ્તા માટે વાપરવામાં આવે તે માટે ખાસ જનરલ બોર્ડ બોલાવવું અને કામો નકકી કરવા સુધારો મુકવામાં આવે છે.

<u>એકઝી.કમીટી ઠરાવ નં.૨૧૧ તા.૭–૧૦–૨૨</u>

આ ઠરાવ નગરપાલિકાના નવીન સેવા સદન બીલ્ડીંગના કામ માટે રૂા.૧,૭૩,૫૦,૭૩૬ નું ટેન્ડર મંજુરીનું છે.

અમોએ પાવતી નં.૧૭૯૪ તા.૨૯–૮–૨૨ થી નવીન બંધાનાર મકાનના નકશાની માંગણી કરેલ હતી પણ ન.પાલીકાએ આજદીન સુધી બંધાનાર પ્રમાણિત નકશાની નકલ આપેલ નથી. તો પ્રથમ નકલ આપવી. જેથી ભવિષ્યમાં મંજુર નકશાથી વધારે કામ થાય તો રજુઆત કરી શકાય.

બંધાનાર નવીન મકાન સ્ટેટબેંક થી કોર્ટ તરફ જવાનો રસ્તો છે તો હવે રસ્તા માટે કેટલી જગ્યાનું આયોજન કરેલ છે. પાર્કીંગની શું વ્યવસ્થા છે તે નકશો આપવાથી થઈ શકે માટે હાલ પુરતુ આ કામ મુલત્વી રાખવું અને પ્રથમ નકશાની પ્રમાણિત નકલ આપવી.

<u>એકઝી.કમીટી ઠરાવ નં.૨૧૮, ૨૨૦</u>

આ ઠરાવ એકઝી.કમીટીના ૨૧૮, ૨૨૦ તા.૭–૧૦–૨૨ ના છે. કામગીરી લાઈટ વિભાગની છે અને તેમાં નવા પોઈન્ટ અને નવા થાંભલા નાખવાના છે. તો સદર કામગીરી નો રીપોર્ટ ન.પા.ની લાઈટ કમીટીના સભ્યશ્રીનો રીપોર્ટ જોઈએ અને આ કાર્યવાહી લાઈટ કમીટીએ કરવી જોઈએ.

ગુ.ન.પા.અધિનિયમ ૧૯૬૩–૫૫ મુજબ ન.પા.ના વહીવટ માટે કમીટીઓ નીમવા ની સત્તા છે અને ખંભાત ન.પા. એ લાઈટ કમીટીની નીમણુંક કરેલ છે. છતાં કમીટીનું અસ્તિત્વ હોવા છતાં આ કમીટીની અવગણના કરીને સીધા જ એકઝી.કમીટીમાં ઠરાવ કરવામાં આવે છે તો લાઈટ કમીટીનું વિસર્જન કરીને સમગ્ર વહીવટ પ્રમુખશ્રી/એકઝી. કમીટીએ લેવો.

ખંભાત શહેરમાં ગણપતિ સ્થાપના વિસર્જન અને નવરાત્રી અને દીવાળીનો તહેવારો

હોવા છતાં ખંભાત સમગ્ર શહેરના ઘણી જગ્યાએ અંધારું હતું અને લાઈટ કમીટીના ચેરમેનશ્રીએ/એકઝી.કમીટીએ LED યા લાઈટનો સામાન ખરીદેલ નથી અને ખંભાત શહેરના નાગરીકોના લાઈટના અભાવે સહન કરવું પડેલ તો એકઝી.કમીટીએ છેલ્લા ૩ માસમાં કોઈ લાઈટ વિભાગની સામગ્રી ખરીદેલ છે કે કેમ ? તો આ ઠરાવનો વિરોધ કરવામાં આવે છે. અને ગુ.ન.પા. અધિનિયમ ૧૯૬૩ માં જે જોગવાઈઓ છે તે મુજબની સમિતિઓ પાસે જ ઠરાવ લાવીને જ એકઝી.કમીટીમાં લાવવા જોઈએ તેવો સુધારો મુકવામાં આવે છે.

<u>એકઝી.કમીટી ઠરાવ નં.૨૨૩ તા.૭–૧૦–૨૨</u>

ઉપરોકત ઠરાવ કોમ્પ્યુટર વિભાગમાં નેટવર્કીંગ માટે જર્મની આઈ નેટવકર્સ દેવની પોળ પાસેથી લેવામાં છે.

જેની કરારની મુદત તા.૩૧–૫–૨૨ ના રોજ પૂર્ણ થાય છે. આમ કરાર પૂર્ણ થઈ ગયેલ પાંચ માસનો સમય થયેલ છે. અને તે સમય દરમ્યાન જ.બોર્ડ બે આવેલ અને છેલ્લે ૩૦–૭–૨૧ ના રોજમાં આ આઈટમ મંજુરી માટે લાવેલ નથી.

ગુ.ન.પા.અધિનિયમ ૧૯૬૩ની કલમ ૭૦ની પેરા (૧) અને (૩) મુજબ આ અંગે કાર્યવાહી કરવામાં આવે તેવો સુધારો મુકવામાં આવે છે અને નિયત સમયમાં કરાર નહી કરીને જવાબદારીમાંથી ચીફ ઓફીસર પુરી કરેલ નથી જેથી જે તે વિભાગનો ખુલાસો પુછીને તેમની સામે કાર્યવાહી કરવામાં આવે તેવો સુધારો મુકવામાં આવે છે.

<u>એકઝી.કમીટી ઠરાવ નં.૨૨૪ તા.૭–૧૦–૨૨</u>

આ ઠરાવ ન.પાલિકા સ્થંભતીર્થ ધર્મશાળા ન.પા.કચેરી અને એલ.ઈ.ડી. માટે કેબલ ની લાઈન સેટ અપ બોકસ વગેરેની બાબતમાં ૧–૧૧–૨૧ થી ૩૧–૧૦–૨૨ સુધીના સેટ અપ બોકસ ૧૧×૩૫૦ – ૩૮૫૦×૧૨ માસ કુલ ૪૬૨૦૦ + ૪૨૦૦ રૂા. કુલ

ગુ.ન.પા. અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૭૦ થી પેરા (૧) અને (૩) મુજબ કાર્યવાહી કરીને આગળની પ્રક્રિયા કરવી એવો સુધારો મુકવામાં આવે છે.

<u>એકઝી.કમીટી ઠરાવ નં.૨૨૫ તા.૭–૧૦–૨૨</u>

ખંભાત નગરપાલિકા હસ્તકનું ત્રંબાવટી કોમ્પલેક્ષ વખારીયા મેન્શન કુલ ૧૮ રૂમોમાં ટીવી છે તેના માટે કેબલ લાઈન, સેટ અપ બોકસ તેનો કરાર ૧–૧–૨૧ થી તા.૩૧–૧૨–૨૧ સુધીનો હતો જેની મુદત તા.૩૧–૧૨–૨૧ ના રોજ પૂર્ણ થયેલ છે. ત્યારે તેની આગળ ની કાર્યવાહી તા.૭–૧૦–૨૨ ના રોજ એટલે દસ માસ પછી રીન્યુ માટે ઠરાવ થાય છે.આમ ન.પાલિકાના ઘણી બાબતોમાં સમયપૂર્ણ થઈ ગયા પછી પણ તેનો ઠરાવ થતો નથી આ ગંભીર બાબત છે.

ગુ.ન.પા. અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૭૦ થી પેરા (૧) અને (૩) મુજબ કાર્યવાહી

ને આગળની કાર્યવાહી કરવી તેવો સુધારો મુકવામાં આવે છે.

એકઝી.કમીટી ઠરાવ નં.૨૩૧ તા.૭–૧૦–૨૨

આ ઠરાવ ખંભાત ન.પાલિકામાં વિવિધ ખાતાઓના કર્મચારી ત્રણ માસ માટે રાખવા બાબત.

હવે ૧–૧૧–૨૨ થી ૩૧–૦૧–૨૩ મુજબ આ કર્મચારીઓને રાખવાના છે તો

આ અંગે અમોએ એ ક કમીટી ૧૮૭ તા.૬–૯–૨૨ ના ઠરાવમાં સુધારો મુકેલ છે અને આ અંગેની કાર્યવાહી માટે નિયામકશ્રી વડોદરા પેન્ડીંગ છે તો આ અંગે કર્મચારીનો નિયામકશ્રીની પૂર્વ પરવાનગી મેળવીને જ તેમને નોકરીમાં રાખવા અને આ અંગેની જે કોઈ નાણાંકીય જવાબદારી થશે તે પ્રમુખશ્રી/ચીફ ઓફીસરશ્રીની રહેશે.

સુધારા દરખાસ્ત પર મતદાન લેતા

| તરફેણ | | | વિરૂધ્ધ | | |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી | ચંદુભાઈ ભુરાભાઈ કડીયા | ૧ | શ્રી | નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી |
| ૨ | શ્રી | ભારતીબેન રમેશભાઈ રાણા | ૨ | શ્રી | મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય |
| ૩ | શ્રી | નીતીનભાઈ રૂઘનાથજી બ્રહ્મભટ્ટ | ૩ | શ્રી | નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ |
| ૪ | શ્રી | ખુશમનભાઈ શાંતીલાલ પટેલ | ૪ | શ્રી | અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા |
| | | | ૫ | શ્રી | હેતલબેન કરશનભાઈ ભીલ |
| | | | ૬ | શ્રી | સોનલબેન નિતિનકુમાર જોષી |
| | | | ૭ | શ્રી | વિજયસિંહ ચંદુભાઈ પરમાર |
| | | | ૮ | શ્રી | કનૈયાલાલ મફતલાલ રાણા |
| | | | ૯ | શ્રી | નિતાબેન દિલીપભાઈ રાણા |
| | | | ૧૦ | શ્રી | કામીની હિરેનકુમાર ગાંધી |
| | | | ૧૧ | શ્રી | રાજેશકુમાર ગુણવંતલાલ રાણા |
| | | | ૧૨ | શ્રી | રેખાબેન અલ્પેશકુમાર જાદવ |
| | | | ૧૩ | શ્રી | શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય |
| | | | ૧૪ | શ્રી | ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ |
| | | | ૧૫ | શ્રી | જયાબેન રોહીતભાઈ ખારવા |

સુધારા દરખાસ્ત પર મતદાન લેતા તરફેણમાં (૦૪) વિરૂધ્ધમાં (૧૫) મત પડતાં સુધારા દરખાસ્ત ના મંજુર થાય છે.

મુળ દરખાસ્ત પર મતદાન લેતા

| તરફેણ | | | વિરૂધ્ધ | | |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી | નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી | ૧ | શ્રી | ચંદુભાઈ ભુરાભાઈ કડીયા |
| ૨ | શ્રી | મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય | ૨ | શ્રી | ભારતીબેન રમેશભાઈ રાણા |
| ૩ | શ્રી | નયનાબેન હેમંતકુમાર પ્રજાપતિ | ૩ | શ્રી | નીતીનભાઈ રૂધનાથજી બ્રહ્મભટ્ટ |
| ૪ | શ્રી | અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા | ૪ | શ્રી | ખુશમનભાઈ શાંતીલાલ પટેલ |
| ૫ | શ્રી | હેતલબેન કરશનભાઈ ભીલ | | | |
| ૬ | શ્રી | સોનલબેન નિતિનકુમાર જોષી | | | |
| ૭ | શ્રી | વિજયસિંહ ચંદુભાઈ પરમાર | | | |
| ૮ | શ્રી | કનૈયાલાલ મફતલાલ રાણા | | | |
| ૯ | શ્રી | નિતાબેન દિલીપભાઈ રાણા | | | |
| ૧૦ | શ્રી | કામીની હિરેનકુમાર ગાંધી | | | |
| ૧૧ | શ્રી | રાજેશકુમાર ગુણવંતલાલ રાણા | | | |
| ૧૨ | શ્રી | રેખાબેન અલ્પેશકુમાર જાદવ | | | |
| ૧૩ | શ્રી | શર્મિષ્ઠાબેન પંકજકુમાર આચાર્ય | | | |
| ૧૪ | શ્રી | ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ | | | |
| ૧૫ | શ્રી | જયાબેન રોહીતભાઈ ખારવા | | | |

મુળ દરખાસ્ત પર મતદાન લેતા તરફેણમાં (૧૫) વિરૂધ્ધમાં (૦૪) મત પડતાં મુળ દરખાસ્ત મંજુર થાય છે.

સદર જનરલ બોર્ડની સભાના એજન્ડા મુજબની આઈટમો પુરી થતા બોર્ડની કાર્યવાહી સાજે ૭–૨૫ કલાકે પૂર્ણ કરવામાં આવેલ છે.

સહી. કામીની એચ. ગાંધી
પ્રમુખ
ખંભાત નગરપાલિકા, ખંભાત